Registered Under RNI No. GUJGUJ/2010/30943
Under Postal Regd. No. GAMC - 1745/2023-2025 Issued By SSP, Ahmedabad Valid Upto 31/12/2025
Published At 1st Of Every Month Permitted To The Post Of A'bad PSO On 3rd Of Every Month
License To Post Without Prepayment No.: PMG/NG/129/2024-2025 Valid Upto 31.12.2025

યુવા સાથી
(Yuva Saathi Gujarati Monthly)

નેટવર્કિંગ માર્કેટિંગની માયાજાળ અને
ઇસ્લામી દૃષ્ટિકોણ

VOL. NO. 16, ISSUE NO. 11 ₹25 NOVEMBER 2025

✦ અંતિમ અંકની સૂચના ✦

પ્રિય વાચક ભાઈઓ અને બહેનો,

ભારતના ભવિષ્યના ઘડતરની જવાબદારી નિભાવતા નિષ્ઠાવાન યુવા મિત્રો તરફથી પ્રકાશિત થતું ગુજરાતી સામયિક "યુવા સાથી" અલ્લાહની કૃપા અને આપ સૌ વાચકોના અવિરત પ્રેમ, વિશ્વાસ અને પ્રોત્સાહનને કારણે એક સુંદર અને ધ્યેયપૂર્ણ સફર ખેડી શક્યું છે. આ સફર વિચારોથી ભરપૂર, ઈમાનથી સજીવ અને શબ્દોથી જીવંત રહી છે.

આપ સૌ જાણો છો કે ભારત સરકારના Post Office Rules and Regulations, 2024 મુજબ હવે માત્ર સાપ્તાહિક અને દૈનિક પ્રકાશનોને જ પોસ્ટલ રજિસ્ટ્રેશન (Postal Registration) મળી શકશે. આ નવા નિયમને કારણે, માસિક પ્રકાશનો માટે લાયસન્સનું રિન્યુઅલ (Renewal) શક્ય નથી.

તેથી, ડિસેમ્બર 2025નો અંક "યુવા સાથી"નો છેલ્લો પ્રિન્ટ (હાર્ડ કોપી) અંક રહેશે.

પરંતુ, આ અંત નથી. ઇન્શાઅલ્લાહ, હવે "યુવા સાથી"નું ડિજિટલ વર્ઝન (Digital Version) નવી ઊર્જા અને નવા સ્વરૂપમાં આપના સુધી પહોંચતું રહેશે. અમારું માનવું છે કે સારા વિચારો થકી જ આદર્શ સમાજની રચના થાય છે, આ માટે અમારો પ્રચાર યથાવત્ રહેશે. તો ચાલો, વિચારોની સુગંધને વિશ્વના ખૂણે-ખૂણે ફેલાવવા માટે ડિજિટલ ડગ માંડીએ.

આ સફરમાં જોડાયેલા દરેક વાચક, લેખક અને શુભચિંતક મિત્રને અમે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ અને દુઆ કરીએ છીએ કે અલ્લાહ આપ સૌને જઝાએ ખૈર અતા કરે.

પાનાં ભલે બંધ થઈ રહ્યાં છે, પણ "યુવા સાથી"ની સમાજ સુધારક સેવા અને વાર્તા હવે સ્ક્રીન પર જીવંત રહેશે.

દુઆગો
સંપાદક મંડળ,
યુવાસાથી ગુજરાતી માસિક

માસિક

યુવા સાથી

સત્યનો સારથિ

વર્ષ : ૧૬, અંક : ૧૧ | નવેમ્બર ૨૦૨૫ | પેજ : ૩૬

www.yuvasaathi.com

instagram.com/yuvasaathiguj - facebook.com/yuvasaathiguj - twitter.com/yuvasaathiguj

સંપાદક મંડળ

• એડિટર •
જાવેદઆલમ કુરૈશી

• મેનેજીંગ એડિટર •
રાશિદ હુસૈન

• સભ્યો •
જાબિર માનીગર
ઈબ્રાહીમ શેઠ
ડૉ. સાકિબ મલિક
રાશિદ કુરૈશી
ઈમરાન રાજપૂત
નદીમ રાજપૂત
ડૉ. તસનીમ વ્હોરા
મલિહા ફાતિમા

95 1000 8614
yuvasaathi.monthly@gmail.com

વાર્ષિક લવાજમ : રૂ.૩૦૦/-
ત્રિવાર્ષિક લવાજમ : રૂ. ૭૫૦/-

Printed and published by **Rashid Hussain Akhtar Husain Shaikh** on behalf of **STUDENTS ISLAMI ORGANISATION OF INDIA, GUJARAT ZONE** and Printed at **Unique Offset**, N.R. Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and published from **B/4, Karishma Complex, Near Sarni Society, 132 Feet Ring Road, Juhapura, Ahmedabad - 380055 I Editor : Rashid Husain Akhtar Husain Shaikh**

અનુક્રમણિકા

૦૪	કુર્આન બોધ	રસાઈલ મિનલ કુર્આન
૦૫	તંત્રી લેખ	તમારી સભ્યતા પોતાના ખંજરથી પોતે જ આત્મહત્યા કરશે..
૦૭	પૈગામ	નેટવર્કિંગ માર્કેટિંગની માયાજાળ
૧૨	યુવા ચિંતન	આળસનું મનોવિજ્ઞાન
૧૪	ચિંતન	સત્યની શોધ અને ઈશ્વરનું માર્ગદર્શન
૧૬	સૌંદર્ય બોધ	અહંકારનો ચક્રવ્યૂહ EGO
૧૮	આસ્થાની આઝાદી	વૈશ્વિક વિમર્શ અને ભારતની પ્રતિબદ્ધતા
૨૦	ઉકેલ	લા ઈકરાહા ફિદ્દીન
૨૨	મંથન	AIનો જનપક્ષ
૨૪	મહિલા જગત	પોતાની રચનાત્મક ક્ષમતાને નિખારો
૨૬	પ્રકાશ સ્તંભ	માનવતાના અધિકાર અને આપણા કર્તવ્યો
૨૯	કેરિયર	વીડિયો એડિટિંગ: બેહિસાબ અવસરોવાળું ક્ષેત્ર
૩૧	વાર્તા	કર્મોનું ફળ

★ લેખકના વિચારોથી સંગઠન અથવા સંપાદકમંડળનું સહમત હોવું જરૂરી નથી.

રસાઈલ મીનલ કુર્આન (કુર્આની તાલીમાત)



આ વાત ફીરઔનની બીવી આસિયા બિન્તે મઝાહીમે હઝરત મુસા અ.સ.ના સંબંધે પોતાના શૌહરથી કહી હતી..

એના જવાબમાં ફીરઔને કહ્યું હતું:

એ તમારી આંખોની ઠંડક હશે..મને તો એની કંઇ જરૂરત નથી!

આ બનાવના પરિપેક્ષ્યમાં નબીએઅકરમ સલ્લ.એ ફરમાવ્યું:

"આનાથી સમજાય છે કે જો ફીરઔને પણ પોતાની આંખોની ઠંડક હોવાની કબુલાત એ જ રીતે કરી લીધી હોત, જે રીતે એની બીવી એ કબુલાત કરી હતી, તો અલ્લાહ ફીરઔનને પણ એ જ રીતે હિદાયતથી નવાઝતો જે રીતે એની બીવી હઝરત આસિયાને નવાઝ્યા, પરંતુ એના ઈન્કારના વલણના કારણે અલ્લાહે એને હિદાયતથી મહેરુમ રાખ્યો!

તકદીરનો ગાઢ સંબંધ જીભથી હોય છે એટલા માટે હંમેશા ભલાઈની વાત જ જીભથી કાઢવી જોઈએ..આનાથી માણસના સાથે ભલાઈનો મામલો થશે..

જો માણસ નોકરીમાં દાખલ થતી વખતે પોતાના મનમાં એમ વિચારે કે આ નોકરી એનું દુર્ભાગ્ય છે તો એના માટે એ નોકરી દુર્ભાગ્ય જ સાબિત થાય છે!

જે માણસ શાદી કરતી વખતે પોતાના મનમાં એ વિચારે કે આ નુકસાનનો સોદો થયો છે તો એના માટે એ શાદી નુકશાનનો સોદો જ સાબિત થાય છે!

હંમેશા સારી ધારણા અને સારા અનુમાન કરવા જોઈએ અને જીભથી ભલાઈની વાત જ કાઢવી જોઈએ.. કેમકે મોટાભાગે માણસે પોતાની જીભનો સામનો કરવો પડતો હોય છે!

✍ અદહમ શર્કાવી

ઉર્દુ અનુવાદ: મૌ.અબુલ આ'લા સૈયદ સુબ્હાની

ગુજરાતી અનુવાદ: મુહમ્મદ અમીન શેઠ-મોડાસા

તમારી સભ્યતા પોતાના ખંજરથી પોતે જ આત્મહત્યા કરશે..

આજની દુનિયા સભ્યતાની એક એવી કટોકટીમાંથી પસાર થઇ રહી છે જયાં પ્રગતિની બુમરાણમાં માનવતાની રૂહ ધીરેધીરે દમ તોડી રહી છે.. વિજ્ઞાન, ટેકનોલોજી અને સ્વતંત્રતાના નામ પર જે સંસ્કૃતિનું નિર્માણ થયું, એ ભલે દેખીતી રીતે ઝગમગાટ કરતી હોય પરંતુ અંદરથી ખોખલી થઈ ગઈ છે.. આ એ જ સભ્યતા છે જેના વિષે પ્રસિદ્ધ શાયર અલ્લામા ઈકબાલે કહ્યું હતું :

તુમ્હારી તેહઝીબ અપને ખંજરસે આપ હી ખુદકુશી કરેગી,
(તમારી સભ્યતા પોતાના ખંજરથી પોતે જ આત્મહત્યા કરશે..)
જો શાખે નાજૂક પર આશીયાના બનેગા, નાપાયેદાર હોગા.
(જે કુમળી ડાળીઓ પર ઘર બનશે,એ પાયા વગરનું હશે.)

આ પંક્તિઓ વાસ્તવમાં આ સભ્યતાની આત્મહત્યાની નિશાની છે જે માણસના અંદરના સંતુલનના બગાડથી શરૂ થાય છે એટલે કે લજ્જાના પતનથી..ઈસ્લામી જીવનની કલ્પના મુજબ મનુષ્ય માત્ર શરીર નથી બલ્કે બુદ્ધિ અને પ્રકૃતિનું સુંદર મિશ્રણ છે.. સર્જનહારે મનુષ્યને ઉત્તમ રીતે બનાવ્યો છે. કુર્આન કહે છેઃ **''અને મનુષ્યના નફસની કસમ અને એ જાતની કસમ જેણે તેને ઠીકઠાક કરી.. પછી તેની બૂરાઈ અને તેની પરહેઝગારી તેના હૃદયમાં નાંખી દીધી.'' (સૂરઃ શમ્સ-૭/૮)**

આનાથી જાણવા મળ્યુ કે અલ્લાહે મનુષ્યનો નફસ જે એનું અસલ વ્યક્તિત્વ છે એને સુધાર્યો, શણગાર્યો અને એ નફસના સાથે મનુષ્યની પ્રકૃતિમાં ભલાઈ અને બુરાઈનું શઉર, ચેતના અને આત્માની જાગૃતિ મૂકી દીધી.. આ બધું મનુષ્યને પશુતાથી અલગ અને ઉચ્ચ બનાવે છે અને તેને લજ્જાશીલ મનુષ્ય બનાવે છે..

પરંતુ જયારે મનુષ્ય તેની પ્રકુતિના આ સ્રોતથી કપાઈ જાય છે તો પછી બર્બાદી અનિવાર્ય બની જાય છે.. લજ્જા માત્ર પહેરવેશનો તકાદો નથી બલ્કે રૂહ અને આત્માની સુરક્ષા છે.. આ મનુષ્યના આત્માને જીવંત રાખે છે.. નજરને પાક અને પવિત્ર બનાવે છે અને સમાજને નૈતિક આધાર અને સ્થિરતા પ્રદાન કરે છે..

આજે જેને આઝાદી, આત્મવિશ્વાસ કે એકસપ્રેશન કહેવાય છે એ વાસ્તવમાં લજ્જાની સભ્યતાનો વિકલ્પ બની ગયો છે.. પારિવારિક વ્યવસ્થાનું પડી ભાંગવુ.. દામ્પત્યજીવનમાં બેવફાઈ.. સંબંધોમાં અવિશ્વાસ.. નવયુવાનોમાં હતાશા-ઉશ્કેરાટ.. અને શારીરિક તથા માનસિક સમસ્યાઓ.. આ બધું પેલી ખોવાઈ ગયેલી લજ્જાની કિમત છે જે આપણે ચૂકવી રહ્યા છીએ..

પશ્ચિમી જગતે સ્વતંત્રતા અને આઝાદીના નામે સ્રીને શારીરિક પ્રદર્શનનું ચિહ્ન બનાવી દીધું છે.. મિડિયા, જાહેરાતો, ફિલ્મો અને સોશ્યલ મિડિયાએ માનવીને જીન્સમાં અને સંબંધોને ઈચ્છાઓમાં બદલી નાંખ્યા છે.. આજનો માનવી લિઝ્ઝતો પાછળ ભાગતો જઈને સુખ અને સંતોષને ખોઈ રહ્યો છે.. ડીઝીટલ પરદાઓ

(Screen)એ એને એવા કવચમાં કેદ કરી દીધો છે કે જયાં એહસાસ અને લાગણી મૃતપાય થઈ ગયા છે અને આત્મા ખામૌશ બની ગયો છે..

કુર્આને આ બિમારીને 'ફહશા' કહ્યું છે.. તે કહે છે : **"હે પયગંબર! એમને કહો કે મારા રબે જે વસ્તુઓને હરામ ઠેરવી છે તે તો આ છે--અશ્લીલતાના કૃત્યો-ચાહે જાહેર હોય કે છૂપા."** (સૂરઃઆ'રાફ-૩૩)

જયારે મનુષ્ય પ્રકૃતિના વિરુદ્ધ ચાલે છે તો એ ખરેખર પોતાની દુર્દશાને નોતરે છે.. લજ્જા માનવપ્રકૃતિનો હિસ્સો છે.. કુર્આન કહે છે કે.. જેવી આદમ અને હવ્વાએ ભૂલ કરી, અને પરિણામે તેમના ગુપ્તાંગો એકબીજાના સામે ખૂલી ગયા અને તેમણે તરત જ પાંદડાઓથી પોતાને ઢાંકી લીધા.. આ સ્વભાવિક લજ્જા હતી.. પરંતુ આજના માનવીએ આ સ્વભાવિક પ્રકૃતિને દબાવી દીધી.. સોશ્યલ મિડિયા પર દેખાડો,નેટ ફેમ, શારીરિક પ્રદર્શન અને નગ્નતા અને જાતીય ઉન્માદના કલ્ચરે આ સમતુલાને તોડી નાંખી છે.

આ એ જ સભ્યતાની બિમારી છે જેના વિષે અલ્લામા ઈકબાલે કહ્યુ હતું કે, **"જે સભ્યતા પોતાના નૈતિક ખંજરથી પોતાને જ કાપે છે, એ પોતે પોતાના પતનનો પાયો ચણે છે."**

પશ્ચિમના વિચારોએ બુદ્ધિ અને મનેચ્છાઓ પર ભાર મૂક્યો પણ રૂહના સંતોષ અને પવિત્રતાને ભૂલાવી દીધી.. પરિણામ એ આવ્યું કે આજનો યુવાન લાગણીના સ્તરે નબળો, રૂહાની રીતે ખાલી અને માનસિક રીતે મુઝવણ અને વ્યગ્રતામાં છે.. વિશ્વના માનસ વિશેષજ્ઞો પોતે સ્વીકારે છે કે oversexualizationએ બૌદ્ધિક ક્ષમતા અને તંદુરસ્તીને બર્બાદ કરી નાખી છે.. ડીપ્રેશન, એકલતા અને આત્મહત્યાના વધતા જતા બનાવો આ જ સભ્યતાના ઝેરની પેદાશ છે.. ઈસ્લામના સમીપ બુદ્ધિને લજ્જાની જરૂરત છે, કેમકે લજ્જા બુદ્ધિની રક્ષક છે.. જયારે લજ્જા લુપ્ત થઇ જાય છે તો બુદ્ધિ ઈચ્છાઓની ગુલામ બની જાય છે.. અને આ જ મનુષ્યની વાસ્તવિક આત્મહત્યા છે..

અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.એ ફરમાવ્યું : **"લજ્જા ઈમાનની એક શાખા છે."**(બુખારી) એક અન્ય જગ્યાએ ફરમાવ્યું : **"લજ્જા હંમેશા ભલાઈ જ લાવે છે."**(મુસ્લિમ)

કુર્આનમાં અલ્લાહ ફરમાવે છેઃ **"હે આદમના સંતાન! અમે તમારા ઉપર પોશાક ઉતાર્યો છે.. જેથી તમારા શરીરના લજ્જાસ્પદ ભાગોને ઢાંકે અને તમારા માટે શરીરની સુરક્ષા અને શોભાનુ સાધન પણ બને, અને સોથી શ્રેષ્ઠ પોશાક તકવાનો પોશાક બને. આ અલ્લાહની નિશાનીઓમાંથી એક નિશાની છે, કદાચ લોકો આમાંથી બોધપાઠ લે."**(સૂરઃ આ'રાફ-૨૬)

શરીરનો પોશાક મનુષ્યને ઢાંકે છે પરંતુ તકવા (ઈશપરાયણતા)નો પોશાક રૂહને ઢાંકે છે અને આ જ અસલ લજ્જા છે..

આજે વિશ્વસમૂદાયને સૌથી વધારે જે ઈન્કિલાબની જરૂરત છે એ આંતરિક ઈન્કિલાબ છે.. એટલે કે લજ્જાની પુનઃસ્થાપના.. આ ઈન્કિલાબ કાયદા કે ટેકનોલોજીથી નહીં બલ્કે દિલોની સફાઇ અને પ્રકૃતિ પ્રત્યેની જાગૃતિથી જ શકય છે.. જો આપણે આપણી સભ્યતાને ફરીથી જીવંત કરવી છે તો એનો આરંભ નજરોની સુરક્ષા, જીભની સજ્જનતા, પોશાકની પવિત્રતા અને સંબંધોની મર્યાદાથી થશે.. આ જ એ મૂલ્યો છે જે માનવીને માનવી. બનાવે છે અને સભ્યતાને આધારો પૂરા પાડે છે..

નહીંતર એ જ અંજામ આપણું ભાગ્ય બનશે જેની ખબર અલ્લામા ઈકબાલ રહ.એ ઉપરોકત પંક્તિઓમાં આપણને આપી છે.. •••

નેટવર્કિંગ માર્કેટિંગની માયાજાળ અને ઈસ્લામી દૃષ્ટિકોણ

પૈગામ

✍ શકીલ અહમદ રાજપૂત

નશો તો ખરાબ જ હોય છે, પરંતુ તેમાં ધન રળવાનો નશો સૌથી ખરાબ. કેમકે શરાબીને નશો ચડે તો તેનાથી તેને વ્યક્તિગત નુકસાન થાય અથવા અજાગૃત અવસ્થામાં થતાં કૃત્યોથી કેટલાક અંશે હાનિ પહોંચે છે. પરંતુ ધન રળવાનો નશો માથે સવાર થાય તો તે સમાજને ઘણું નુકસાન પહોંચાડે છે. ઈસ્લામે માલ કમાવવા અને ખર્ચ કરવા સારૂ સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે. મુસલમાનોનું સૌભાગ્ય છે કે તેમની પાસે અર્થોપાર્જનની સંપૂર્ણ વ્યવસ્થા છે. જે લોકો પાસે આ વ્યવસ્થા નથી તેઓ પણ અનુભવ પછી કેટલાક કાયદાઓ બનાવે છે. નવા જમાનાએ પૈસા કમાવવાની નવી નવી રીતો પણ સર્જી છે. અને સામાન્ય લોકોની જાણ બહાર તેમના શોષણની જાળ રચી છે. એક આર્થિક શોષિત વ્યવસ્થાને અઢળક પૈસા કમાવવાના આકર્ષિત કવરમાં મૂકીને પરોસવામાં આવે છે. જંગલમાં ખૂંખાર પ્રાણીઓને પકડવા માટે ઘાત લગાડવામાં આવતી હતી. આ જ રીતે લોકોના પૈસા તેમના ખિસ્સામાંથી કાઢવા માટે એક પ્રકારની લોભમણી ઘાત છે MLM (મલ્ટી લેવલ માર્કેટિંગ). તેને નેટવર્ક માર્કેટિંગ, ચેન માર્કેટિંગ અથવા રેફરલ માર્કેટિંગ પણ કહેવામાં આવે છે. એક કહેવત છે, કે જ્યાં સુધી મૂર્ખાઓ જીવિત છે, શાહુકાર ભૂખ્યા નહીં મરે.જ્યાં લોભી હોય ત્યાં ધૂતારા ભૂખ્યા નથી મરતા.

આજકાલ બેરોજગારી અને પ્રયત્ન કે મૂડી વિના રાતોરાત કરોડપતિ બનવાની ઈચ્છાથી યુવાનોનું દિલ છલકાઈ રહ્યું છે, આવામાં તેમને આ કંપનીઓની પબ્લિસિટી આશીર્વાદરૂપ લાગે છે અને તેઓ તેમાં સમજ્યા વિચાર્યા વગર જોડાઈ જાય છે. આ રેસીપી એટલી સરળ છે કે તેમાં ન તો રોકાણની જરૂર પડે છે કે ન તો વધારે મહેનતની. હકીકતમાં, કેટલાક તબક્કામાં, કોઈ મહેનત જ થતી નથી.

માર્કેટિંગનો આ રૂપ નવું નથી, યુરોપિયન દેશોમાં ૨૦મી સદીમાં ધૂમ મચાવી હતી પરંતુ પાછળથી તેમને તે દેશોમાંથી બહિષ્કૃત કરવામાં આવ્યું. ત્યાંના અર્થશાસ્ત્રીઓએ તેને નકારી કાઢ્યું છે, કારણ કે તેનું મૂળભૂત માળખું વ્યવસાયિક છેતરપિંડી છે; તેથી, વિશ્વના મોટાભાગના દેશોમાં તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, અને સરકારોએ તેના નુકસાનથી બચવાની સલાહ આપી છે. તેના સૂત્રો ચોક્કસપણે આકર્ષક છે, પરંતુ વાસ્તવમાં તે ભ્રામક છે. આખરે, મોટાભાગે પૈસા આ કંપનીઓ અને સંસ્થાઓના માલિકો પાસે જાય છે, અને સભ્યોને ભ્રમ અને છેતરપિંડી સિવાય કંઈ મળતું નથી.

ત્યાંથી બહિષ્કૃત થયા પછી તેણે ભારતમાં પ્રવેશ કર્યો. પ્રાચીન કંપનીઓમાં Amway છે જેણે ૧૯૯૫માં ભારતમાં પ્રવેશ કર્યો હતો અને લોકોને પોતાની તરફ આકર્ષિત કર્યા હતા. પહેલા તેનું ચલણ ઓછું



હતું પરંતુ વર્તમાન સમયમાં તેનો વ્યાપ વધતો જઈ રહ્યો છે. આ વિવિધ સ્તરની માર્કેટિંગ વ્યવસ્થા છે તેમાં દરેક સભ્યનું સ્તર અને દરજ્જો સમાન હોતો નથી; તેના બદલે, જેઓ પહેલા જોડાય છે તેમના નફાનું સ્તર ઊંચુ અને વધુ હોય છે, અને જેઓ પછી જોડાય છે તેમનું નફાનું સ્તર નીચું અને ઓછું હોય છે. આવી કંપનીઓ જે પ્રોડક્ટ બનાવે છે તે જાહેર બજારમાં ઉપલબ્ધ હોતી નથી. ફક્ત સભ્ય બનનાર વ્યક્તિને જ તે વેચે છે. તે પિરામિડ યોજનાના સિદ્ધાંત અનુસાર કાર્ય કરે છે. વિવિધ કંપનીની નીતિ જુદી જુદી હોય છે. ૨ સભ્યોથી લઈને ૯ સભ્યો બનાવવાનો નિયમ છે. હવે ધારો કે, પ્રથમ ચરણમાં એક વ્યક્તિ બે મેમ્બર બનાવે છે. બીજા ચરણમાં બે વ્યક્તિઓ બે-બે કરી ચાર સભ્યો બનાવે છે. ત્રીજા ચરણમાં ચાર સભ્યો બે-બેને જોડી ૮ સભ્યો બનાવે છે. ચોથા ચરણમાં ૧૬, પાંચમા ચરણમાં ૩૨ અને આ રીતે દસમાં ચરણમાં ૧૦૨૪ સભ્યો બની જાય છે. મેમ્બરશીપની ફી હોય છે અને કોઈ એક પ્રોડક્ટ ખરીદવું જરૂરી હોય છે. અને દરેક વ્યક્તિને સભ્ય બનાવવા ઊપર કમિશન અથવા બોનસ આપવામાં આવે છે. ધારો કે કોઈ વસ્તીમાં ૧૦૦૦ લોકો રહે છે તો દરેક વ્યક્તિને એક જ રીતે નફા કમાવવાના ઊંચા ઊંચા સ્વપ્ન દેખાડવામાં આવશે અને આ ચેન માર્કેટિંગમાં જોડવામાં આવશે.ધારો કે બધા જ લોકો આ ચેનમાં જોડાઈ જાય તો છેલ્લે જે લોકો જોડાયા તેમના પાસે જોડવા માટે કોઈ છે જ નહીં અને આ રીતે તેમની સાથે દગો થયો કહેવાશે. જો એક વ્યક્તિને ૬ સભ્યો બનાવવાની જવાબદારી સોંપવામાં આવે તો આઠમા ચરણમાં જ ૧૬,૭૯,૬૧૬ લોકો જોઈએ, જે સામાન્ય રીતે એક શહેરમાં શક્ય જ નથી. આ વ્યવસ્થામાં જેમ જેમ પિરામિડ નીચે ઉતરે છે તેમ તેમ નુકસાન ઉઠાવનારા લોકોનો વ્યાપ વધતો જાય છે. પ્રથમ ચરણના વ્યક્તિને છેલ્લા ચરણ સુધી બનનાર સભ્યો પર કમિશન મળતું રહશે. તેથી સૌથી ઊપરની વ્યક્તિનો લાભ સૌથી વધુ અને સૌથી નીચેની વ્યક્તિનો લાભ શૂન્ય હશે. તેને ફક્ત વસ્તુની ખરીદીથી સંતોષ લેવો પડશે. આ વસ્તુઓ માર્કેટ ભાવના પ્રમાણમાં ખુબ જ ઊચા ભાવે વેચાય છે. વ્યક્તિની દૃષ્ટિ વસ્તુની ગુણવત્તા કે નફા ઊપર નહીં પણ સભ્ય બનાવવા પર હોય છે. ઘણા કિસ્સાઓમાં તો અમુક સમય પછી આ કંપનીઓ ગાયબ પણ થઈ જાય છે.

અર્થશાસ્ત્રીઓ કહે છે કે આ વ્યવસ્થા 'વ્યાજપ્રથા' કરતાં પણ ખરાબ છે; કારણ કે વ્યાજપ્રથામાં, ચોક્કસ જરૂરિયાતમંદ લોકો અને જેઓ ઉધાર લે છે અને વ્યાજનો વ્યવહાર કરે છે તેમની સંપત્તિ શાહુકારો અને વ્યાજખોરો પાસે જાય છે, તેથી નેટવર્ક સિસ્ટમના અભાવે વ્યાજ આટલા વ્યવસ્થિત અને વ્યાપક ધોરણે વસૂલવામાં આવતું નથી. વ્યાજ પ્રથામાં સંપત્તિના સંગ્રહ કરતાં આ વ્યવસ્થામાં વધુ થાય છે. અર્થશાસ્ત્રીઓએ નેટવર્કિંગ સિસ્ટમને 'કેન્સરગ્રસ્ત ગાંઠ' સાથે સરખાવી છેઃ જેમ કેન્સરગ્રસ્ત કોષ આખા શરીરને ઝેર આપીને જીવલેણ બની જાય છે, તેવી જ રીતે, આખો સમાજ નેટવર્ક માર્કેટિંગ સભ્યપદમાં ડૂબી જાય છે અને આર્થિક કટોકટીનો ભોગ બને છે. ૨૦૧૬ ના ફેડરલ ટ્રેડ કમિશન (FTC)ના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે MLMમાં જોડાતા ૯૯% લોકો પૈસા ગુમાવે છે, ફક્ત ટોચ પર રહેલા નાના જૂથને નોંધપાત્ર આવક થાય છે. એક રિસર્ચ પેપરમાં નિષ્કર્ષ રજૂ કરાયો છે કે MLM (બહુ-સ્તરીય માર્કેટિંગ) વ્યવસાયો જૂજ લોકોના ફાયદા માટે વધારે કમજોર વ્યક્તિઓનું શોષણ કરે છે. (The Ethical Implications of the Multi-Level Marketing Industry, by Lauren E. Longworth)

તમને કોઈ વ્યક્તિગત અનુભવ થયો હોય તો તમે એક વાત નોંધી હશે કે તેઓ નવા સભ્યોને જોડાવાથી મળતા કમિશનથી લલચાવે છે. વાસ્તવમાં, કમિશન નેટવર્કિંગ સિસ્ટમનો આધાર છે, અને ઉત્પાદન ગૌણ છે. કાલ્પનિક કમિશનનો ફક્ત ઉલ્લેખ જ નવા સભ્યને જોડાવા માટે મનાવવા માટે પૂરતો માનવામાં આવે છે, તેના વિના, ઉત્પાદનનું માર્કેટિંગ અશક્ય છે.

આ વેપાર સાથે સંકળાયેલા લોકોનો દૃષ્ટિકોણ એ છે કે સામાન્ય રીતે જાહેરાત ઉત્પાદનો પર ઘણો ખર્ચ થાય છે, તેથી કંપની જાહેરાત પર ખર્ચાયેલા પૈસા ગ્રાહકો (સભ્યો)ને આપવાનો પ્રયાસ કરે છે, તેથી સભ્યોને કમિશન આપવામાં આવે છે. જોકે, આ એક ખુલ્લેઆમ જૂઠાણું છે, કારણ કે આ કંપનીઓ જાહેરાત માટે સાહિત્ય છાપે છે અને લગભગ દર મહિને સભ્યોને મોકલે છે, અને અલગ અલગ સમયે સેમિનાર પણ કરે છે. શું તે બધાનો કંઈક ખર્ચ નથી થતો? જો એવું માનવામાં આવે કે કોઈ ખર્ચ નથી,

તો પછી આ કંપનીઓનો માલ ખૂબ સસ્તામાં કેમ ઉપલબ્ધ નથી? તેમના દાવા મુજબ તેઓ જાહેરાત ન કરી દસ ગણા પૈસા બચાવે છે. જો આ સાચું હોય, તો આ કંપનીઓ તેમના માલની કિંમત બજાર કિંમત કરતાં દસ ગણી ઓછી કેમ નથી રાખતી? સત્ય એ છે કે આ બધા સભ્યપદ દ્વારા પૈસા એકત્રિત કરવાના કારસા છે, બીજું કંઈ નહીં. અને કોઈ કિસ્સામાં ઉત્પાદનની કિમત ઓછી હોય તો પણ નજર વેચાણ પર નહીં સભ્ય બનાવવા ઊપર હોય છે.

ઔષધિઓ, મેગ્નેટિક બેડ, કેનગન વોટર, ઘરવપરાશની ચીઝ વસ્તુઓ વગેરે ઉત્પાદનો સાથે વેસ્ટિજ, મોદી-કેર, એમ વે, ફોરેવર લિવિંગ, એબિઝ.કોમ, હાર્બલાઈફ વગેરે કંપનીઓ માર્કેટમાં છે અને પોતાની પ્રોડકટ્સની માર્કેટિંગમાં અતિશયોક્તિથી કામ લે છે. તેમનો દાવો હોય છે કે તેના ઉપયોગથી જીવલેણ બીમરીઓનો પણ ઈલાજ થઈ જાય છે. 'મરતા કયા ન કરતાં', કેટલાક લોકો ભોળપણમાં તો કેટલાક અનુભવ માટે તેની જાળમાં ફસાઈ જાય છે. અમુક લોકોને થોડો ઘણો ફેર પણ પડતો હશે. એ તો બીજી કોઈ પણ દવા લીધી હોય કે ઘરભથ્થું ઉપચાર કર્યો હોય તોય પડી શકે છે. પરંતુ ઓછા વત્તા સફળ વ્યક્તિઓને જ સામે લાવવામાં આવે છે. તેમની વિડીયો ક્લિપ્સ વાઇરલ કરવામાં આવે છે. જેણે જોઈ લોકો આકર્ષાય છે. લોકોને સાવ નજીવી વાત નથી સમજાતી કે જો આ વસ્તુ એટલી શ્રેષ્ઠ છે તો જાહેર માર્કેટમાં કેમ ઉપલબ્ધ કરતાં નથી. વેપાર તો સીધા ખરીદ વેચાણનું નામ છે, એમાં સભ્ય બનવાની શરત કેમ મૂકવામાં આવે છે.

ઇસ્લામ એક સંપૂર્ણ જીવન વ્યવસ્થા છે. તેમાં પૈસા કમાવવા અને ખર્ચ કરવા માટે સ્પષ્ટ માર્ગદર્શન સિદ્ધાંતો છે. તેને સામે રાખીને કોઈ પણ નાણાકીય પ્રક્રિયાના હલાલ કે હરામ હોવાને સમજી શકાય છે. કેટલીક વસ્તુઓ એટલી સૂક્ષ્મ હોય છે કે તેમણે સમજવું સરળ હોતું નથી. આ એક પ્રકારની દજજાલી વ્યવસ્થા છે. સામાન્ય લોકોની વાત છોડો, સારા ભણેલા ગણેલા લોકો પણ આવી કંપનીઓના ફંદામાં ફસાઈ જાય છે.

નફો કમાવવા માટે શરિયત દ્વારા નિર્ધારિત સિદ્ધાંતમાં મૂડી અને શ્રમ બંનેનો સમાવેશ થાય છે, એક જાણીતું સ્વરૂપ છે જેમ કે વેચાણ અને ખરીદી; એટલે એક વ્યક્તિ એક વસ્તુ વેચે જેમાં શ્રમ જાય છે અને બીજો ખરીદે જેમાં મૂડી વપરાય છે. અને મામલો પૂરો થઈ જાય છે. બીજું સ્વરૂપ છે મુશારિકા એટલે પાર્ટનરશીપ જેમાં ભાગીદારો વચ્ચે મૂડી અને શ્રમની ભાગીદારી કરવામાં આવે અને એ જ અનુપાતમાં નફો લેવામાં આવે. ત્રીજું સ્વરૂપ છે મુઝારીબા જેમાં એક ભાગીદારનો ફક્ત શ્રમ હોય છે અને બીજા કોઈની ફકત મૂડી હોય છે, તેમાં નક્કી થયેલ ટકાવારી મુજબ બંને પક્ષો નફો લે છે વગેરે. જોકે, શરિયતના કાયદા પ્રમાણે એવો કોઈ વ્યવહાર માન્ય નથી જેમાં શ્રમ કે મૂડી સામેલ ન હોય.

હઝરત રાફે રદી. એ કહ્યું કે એક વ્યક્તિએ અલ્લાહના રસૂલ સલ્લ.ને પૂછ્યું, "હે અલ્લાહના રસૂલ, સૌથી સારી અને શ્રેષ્ઠ કમાણી કઈ છે?" પયગંબર સલ્લ.એ કહ્યું, "વ્યક્તિના હાથની કમાણી અને દરેક સ્વીકાર્ય વેપાર." (મુસનદ અહમદ ૧૭૩૯૭)

૧. હવે જોઈએ નેટવર્ક માર્કેટિંગમાં જ્યારે કોઈ વ્યક્તિ સભ્ય બને છે, ત્યારે કંપની સભ્યપદ ફી વસૂલ કરે છે અને તેના ઉત્પાદનો માટે અલગ કિંમત વસૂલ કરે છે. કાનૂની રીતે, સભ્યપદ ફીને મૂડી રોકાણ ન કહી શકાય કેમકે સભ્ય કંપની પર કોઈ નાણાકીય દાવો કરી શકતો નથી.

૨. બીજું, પછી જ્યારે સભ્ય બનાવવાની પ્રક્રિયા અમુક અંશે કાયદેસર કહી શકાય કેમકે પ્રથમ તબક્કામાં તેમને સભ્યો બનાવવા બદલ વળતર મળે, કારણ કે ત્યાં કોઈ મૂડી નથી પરંતુ શ્રમ છે, પરંતુ બીજા, ત્રીજા અને પછીના તબક્કામાં સભ્યો બનાવવાનો કોઈ પ્રયાસ નથી, તો પછીના વળતર કેવી રીતે કાયદેસર હોઈ શકે, જ્યારે ત્યાં ન તો શ્રમ છે કે ન જ મૂડી? કોઈ એમ કહી શકે કે બીજા-ત્રીજા કે પછીના તબક્કામાં બીજા સભ્યોને અન્ય લોકોને જોડાવા માટે કંપનીના માલનું મહત્વ સમજાવવા કે શંકાઓ દૂર કરવા સહકાર આપવો પડે છે. પરંતુ આ સહકાર ફરજિયાત નથી. આગામી તબક્કામાં પ્રથમ સભ્ય સહકાર ન આપે તો પણ તે કંપનીના નિયમો અનુસાર કમિશન મેળવવા માટે હકદાર છે. ત્યાં તેની ન તો મૂડી છે ન શ્રમ.

૩. ત્રીજું આવી કંપનીમાં, સભ્યપદના દરેક સ્તર માટે વળતર અલગથી આપવામાં આવતું નથી; બલ્કે ચોક્કસ સંખ્યા પૂરી કરવી જરૂરી છે. ઉદાહરણ તરીકે, કેટલીક કંપનીઓમાં, એવી શરત છે કે જ્યારે સભ્યોની સંખ્યા 'નવ' સુધી પહોંચે છે અને તે ત્રણ તબક્કામાં પણ હોય છે, ત્યારે તે બધાની ખરીદી માટે ચોક્કસ

કમિશન ઉપરોક્ત સભ્યને આપવામાં આવશે. દેખીતી રીતે, આવા કિસ્સામાં, વળતર ફક્ત તમે ભરતી કરેલા સભ્યો માટે જ નહીં, પરંતુ અન્ય લોકો પાસેથી તમે ભરતી કરેલા સભ્યો માટે પણ પ્રાપ્ત થશે. તેથી, હલાલ અને હરામમાં ભેગા થવાને કારણે આ વળતર લેવું પણ હરામ હશે. કેમકે ફિકહનો સિદ્ધાંત છે જ્યારે હલાલ અને હરામ ભેગા મળી જાય તો હરામ માનવામાં આવેશે.

૪. શરિયામાં, 'વ્યાજ' હરામ છે કારણ કે તેનો ઉપયોગ પૈસાથી પૈસા કમાવવાના સાધન અને બહાના તરીકે થાય છે, અને તેમાં કોઈ ઉત્પાદન કે મહેનત શામેલ નથી. નેટવર્ક માર્કેટિંગમાં પણ, સભ્યપદ ફી તરીકે થોડી રકમનું રોકાણ કરીને પૈસાથી પૈસા કમાવવા માટે એક યુક્તિ અપનાવવામાં આવે છે. દરેક સભ્યની ઇચ્છા હોય છે કે તેના હેઠળ શક્ય તેટલા વધુ સભ્યો હોય જેથી તેની પાસે કોઈ પણ મહેનત વિના કમિશન તરીકે સારી રકમ એકઠી થઈ શકે; જોકે પૈસામાંથી પૈસા કાઢવા એ વ્યાજખોરી છે, જે પવિત્ર કુર્આનમાં છે, **"અલ્લાહે ખરીદ-વેચાણને હલાલ અને વ્યાજખોરીને હરામ બનાવ્યું છે."**(૨:૨૭૫)

૫. કંપનીમાં ભાગ લેનારાઓનો હેતુ કંપનીનો માલ (વસ્તુ) ખરીદવાનો નથી, પરંતુ કમિશન અને નફો કમાવવાનો છે. મુખ્ય હેતુ કમિશન છે માલ(વસ્તુ)ને ગૌણ દરજ્જો છે; શરિયાતના દૃષ્ટિકોણ પ્રમાણે કોઈ મામલાને નક્કી કરતી વખતે, ફક્ત હેતુ અને દેખાતી પદ્ધતિને ધ્યાનમાં લેવામાં આવશે. ફિકહમાં આ બાબતે કહેવામાં આવ્યું છે કે મામલાત-લેતી દેતીમાં અર્થો અને હેતુઓને માનવામાં આવશે, શબ્દોને નહીં.

૬. વ્યક્તિ સભ્યપદ ફી ચૂકવીને આશા અને ભયની સ્થિતિમાં આવી જાય છે. શક્ય છે કે આ બહાના હેઠળ નોંધપાત્ર નફો થાય, અને એ પણ શક્ય છે કે રોકાણ કરેલા પૈસા પણ ડૂબી જાય. જેમકે બધા લોકો સમાન રીતે મહેનત કરી રહ્યા છે, પરંતુ શરૂઆતના સ્તર પર રહેલા વ્યક્તિને કમિશન મળતું નથી, જ્યારે તેનાથી ઉપરના સ્તર પર રહેલા વ્યક્તિને કમિશન મળે છે. પછી તેનાથી ઉપરના સ્તર પર રહેલા વ્યક્તિને તે જ કામ માટે વધુ કમિશન મળે છે. આમ, જેમ જેમ પદ વધે છે તેમ તેમ કમિશન પણ વધે છે, જ્યારે કામ દરેક માટે સમાન હોય છે. આ પણ જુગારનો એક પ્રકાર છે, જ્યાં બધા સહભાગીઓ સમાન રકમ અથવા પ્રયત્ન ખર્ચ કરે છે, અને કેટલાકને વધુ મળે છે જ્યારે કેટલાકને ઓછું મળે છે. આ પરિસ્થિતિ હકીકતની રૂએ જુગારને મળતી આવે છે અને જુગાર ઇસ્લામમાં સ્પષ્ટપણે હરામ છે. જુગાર લોભ, ખોટી મહત્વાકાંક્ષા અને છેતરપિંડીની આસપાસ ફરે છે. અરબીમાં તેના માટે 'મૈસર' શબ્દ વપરાયો છે જે યુસાર પરથી આવ્યો છે, જેનો અર્થ થાય છે કોઈની મિલકત સરળતાથી અને સગવડતાથી લેવી, નેટવર્કિંગ માર્કેટમાં મૈસર (જુગાર) દ્વારા લોકોની મિલકત સરળતાથી છીનવી લેવામાં આવે છે. કુર્આનમાં અલ્લાહ ફરમાવે છે, **"હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! આ દારૂ અને જુગાર, વેદીઓ અને પાસાં, આ તમામ ગંદા શેતાની કાર્યો છે, તેમનાથી બચો. આશા છે કે તમને સફળતા પ્રાપ્ત થશે".** (સૂરઃમાયદા ૯૦)

૭. આ જ રીતે વેપારમાં 'ગરર' એટલે ધોકો પણ હરામ છે. દરેક કંપનીમાં છેતરપિંડીની પદ્ધતિ અલગ અલગ હોય છે. નેટવર્ક માર્કેટિંગમાં લોકોને આંધળી આવકની લાલચ આપી જોડવામાં આવે છે. અનુભવ બતાવે છે કે જે લોકો વાચાળ હોય, બોટલમાં ઉતારવાની આવડત જાણતા હોય, તેઓ મોટા ભાગે સફળ થાય છે. બાકી બીજાને નિરાશા હાથ લાગે છે. ઉલમા આ પદ્ધતિને લોટરીથી પણ ખરાબ કહે છે, કેમકે લોટરીમાં વ્યક્તિ ટિકટ ખરીદી રાહ જુએ છે, જ્યારે કે આ માર્કેટિંગમાં તેઓ વધુ સભ્ય બનાવવા દોડધુપ કરે છે અને પૈસા પણ ખર્ચે છે.

૮. આવી કંપનીઓમાં માલની કિંમત બજાર કરતાં ત્રણ-ચાર ગણી વધારે હોય છે, અને માલની ગુણવત્તા અને શ્રેષ્ઠતાનો દાવો પણ નિરર્થક લાગે છે; કારણ કે જો તે જ માલ સામાન્ય બજારમાં મૂકવામાં આવે, તો લોકો તેને ક્યારેય આટલી ઊંચી કિંમતે ખરીદવાના બદલે અન્ય કંપનીઓના ઉત્પાદનો પસંદ કરશે. ટૂંકમાં, આ ખોટી અતિશયોક્તિ ભરી કિંમતને ફિકહની પરિભાષામાં "ગબને ફાહીશ" (એકંદર ઉચાપત/ઘોર અન્યાય) કહેવામાં આવે છે, જે મકરુહ(ઘૃણાસ્પદ) છે. ઊંચી કિંમતે માલ ખરીદવાને ફિઝુલ ખર્ચી-ખોટો ખર્ચો પણ કહી શકાય કેમકે તે ફક્ત કમિશનના લોભ માટે ઊંચા ભાવે ખરીદવામાં આવે છે. અને જરૂરિયાતની હલાલ વસ્તુ પર જરૂર કરતાં વધુ ખર્ચ કરવો એ ઉડાઉપણું (નકામો ખર્ચ) કહેવાય છે. અને અલ્લાહે ઉડાઉ ખર્ચ કરનારાઓ વિશે જાહેર કરે છેઃ **"ચોક્કસ તેને ફિઝુલ ખર્ચ કરનારા પસંદ નથી".** (સૂરઃ અનામ ૧૪૧)

૯. ખરીદી અને વેચાણ શુદ્ધ રાખવું મહત્વપૂર્ણ છે, જો ખરીદી અને વેચાણ સાથે કંઈક બીજું કરવાનો હેતુ હોય, તો વેચાણ ફાસીદ (અમાન્ય) બની જાય છે. નેટવર્ક માર્કેટિંગમાં દેખીતી રીતે વ્યક્તિ કંપનીનો માલ ખરીદે છે, પરંતુ ધ્યેય સભ્યપદ દ્વારા કમિશન કમાવવાનો હોય છે, આ કારણસર પણ આ પ્રકારનો

વેપાર ગેરકાયદેસર છે. નબી સલ્લ.એ શરત પર વેચાણથી મનાઈ ફરમાવી છે. ઈસ્લામમાં વેચાણ અને શરતને એક સાથે જોડવાની મંજૂરી નથી; કારણ કે શરતોને કારણે, વ્યક્તિ જરૂરિયાત મુજબ વ્યવહાર કરે છે અને ન ઇચ્છે તો પણ શરત સ્વીકારે છે. નેટવર્ક માર્કેટિંગમાં, કંપનીનો માલ ખરીદવાની સાથે કેટલીક શરત પણ હોય છે, દાખલા તરીકેઃ

(a) કંપનીનો માલ બજારમાં વેચી શકાતો નથી.

(b) કંપનીનો માલ અથવા તેની પદ્ધતિઓનું વર્ણન કરી શકાતું નથી.

(c) એજન્ટ અને સભ્ય બનવું એ કંપનીનો માલ ખરીદવાની શરત છે, અને સભ્યપદ ફી ચોક્કસપણે વસૂલવામાં આવશે.

(d) કેટલીક કંપનીઓમાં, ડિસ્કાઉન્ટેડ ભાવે માલ ખરીદવા માટે સભ્ય બનવું અને સભ્યપદ ફી ચૂકવવી જરૂરી છે. જો તમે સભ્ય બન્યા વિના માલ ખરીદો છો, તો માલ મોંઘો થશે. વગેરે...

૧૦. નેટવર્ક માર્કેટિંગમાં, ખરીદી અને વેચાણનો વ્યવહાર અને ઈજારા (એજન્ટ) બનવાનું કામ સાથે હોય છે; તેથી, આવા વેચાણ કરાર અને એજંટ કરારને બે વ્યવહારોનું સંયોજન કહી શકાય. હદીસ શરીફ અનુસાર આવા કાર્ય હરામ છે. હઝરત મુહમ્મદ સલ્લ. એ એક મામલામાં બે રીતે મામલા કરવાની મનાઈ ફરમાવી હતી. (તિર્મિઝી ૧૨૩૧) અને (અબુદાઊદ ૩૪૬૧)

૧૧. આ પ્રકારના માર્કેટિંગ લોકોને ભ્રામક કમિશન આપીને ગેરકાયદેસર અને અન્યાયી રીતે પૈસા કમાવવાનો એક માર્ગ છે. અર્થશાસ્ત્રીઓ આ પ્રકારના વ્યવસાયને 'ઝીરો સમ ગેમ' કહે છે, જેમાં કેટલાક લોકો નફો કરે છે અને મોટાભાગના લોકો ગુમાવે છે. બીજાને છેતરવું એ જુલમ છે, અને સસ્તી વસ્તુને ઊંચી કિંમતે વેચીને એવા ગુણોનો દાવો કરવો જે તેમાં નથી, તે જુલમ છે, અને ગેરકાયદેસર રીતે કોઈની મિલકત લેવી અથવા તેમના કમિશનમાં ભાગ લેવો એ પણ જુલમ છે. કુર્આન અન્યાયી રીતે માલ ખાવાની મનાઈ ફરમાવે છે,

"હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! પરસ્પર એકબીજાનો માલ અનુચિત રીતે ન ખાઓ, લેવડદેવડ થવી જોઈએ એકબીજાની સંમતિથી, અને પોતે પોતાની હત્યા ન કરો. વિશ્વાસ રાખો કે અલ્લાહ તમારા ઉપર મહેરબાન છે". (સૂરઃ નિસા ૨૯)

"હે મારા બંદાઓ, મેં મારા માટે અને તમારામાં પણ જુલમને હરામ ઠેરવ્યો છે, તેથી એકબીજા પર જુલમ ન કરો. (મુસ્લિમ ૨૫૭૭)

ભારત પાક અને આરબ ઉલમાઓ અને મુફતીઓના એક મોટા સમૂહે સર્વાનુમતે આવા નેટવર્ક માર્કેટિંગને અમાન્ય ઠેરવ્યું છે. દિલ્હી સ્થિત ઈસ્લામિક ફિક્હ એકેડેમીના સોળમા સત્રમાં, ફૂકહા (ધર્મશાસ્ત્રીઓ)ના એક મોટા જૂથે તેના હરામ હોવા પર સંમતિ દર્શાવી છે.

વેચાણની શરતને કારણે ફક્ત ઉત્પાદનો ખરીદવા માટે આવી કંપનીઓના સભ્ય બનવું ગેરકાયદેસર છે. સભ્ય બન્યા વિના માલ ખરીદવો માન્ય છે, પરંતુ આવી કંપનીઓના સહયોગને કારણે તે પસંદદીદા નથી. આવી કંપનીઓ ન તો આર્થિક અને નાણાકીય રીતે ફાયદાકારક છે; ન તો નૈતિક રીતે ભાગ લેવા લાયક છે અને ન તો ઈસ્લામિક સિદ્ધાંતો હેઠળ માન્ય છે, તેથી તેમના સભ્ય બનવું અને કમિશન મેળવવું ગેરકાયદેસર અને હરામ છે. મોટાભાગના કિસ્સાઓમાં, પિરામિડ યોજનાઓ ગેરકાયદેસર તત્વો જેમ કે જુગાર, વ્યાજખોરી, અસ્પષ્ટતા, છેતરપિંડી અને શરતી વેચાણ પર આધારિત હોવાથી હરામ છે. જો કોઈ કંપની ખરેખર હલાલ અને મૂલ્યવાન ઉત્પાદનો વેચી રહી હોય, અને સભ્યપદ ફક્ત ખરીદી અને વેચાણ પર આધારિત હોય, અને નવા લોકોની ભરતી પર નહીં, તો આવી પરિસ્થિતિ મર્યાદિત હદ સુધી માન્ય હોઈ શકે છે.

(આ લેખની તૈયારીમાં મોલાના ઈસતિયાક કાસમીના લેખથી પણ લાભ લેવામાં આવ્યો છે.) •••

Prince Fabrication

Akil bhai M. 9426584514
Ibrahim bhai M. 9723713519
Ismail bhai M. 9409407917

ALL KIND OF GATE, GRILL, CHANAL GATE, SPIRAL STAIR, STAIR RAILING

Sujal Estate, 18, Near by GARIBNAGAR CHAR RASTA, Ahmedabad, Gujarat 380023

યુવા ચિંતન

✍ **નદીમ રાજપૂત**

આળસનું મનોવિજ્ઞાન

"એક દિવસ તમે જાગશો, અને જે કાર્યો તમે હંમેશાં કરવા માગતા હતા તે કરવા માટે તમારી પાસે સમય નહીં હોય. તે અત્યારે જ કરી લો." (પાઉલો કોએલો)

સમય સરકી રહ્યો છે. જે કાર્યો તમે કરવા માગો છો તે કરી લો, નહીં તો સમયનો યોગ્ય ઉપયોગ ન કરવા બદલ તમને પસ્તાવો થશે. જ્યારે આ પસ્તાવો થાય છે, ત્યારે તમારી જાત પર ગુસ્સે થવા અને કાશ મેં વસ્તુઓ અલગ રીતે કરી હોત તેવી ઈચ્છા કરવા સિવાય તમારી પાસે વધુ કંઈ કરવાની તક હોતી નથી. **તેથી, તે અત્યારે જ કરવાનો સમય છે.**

તમે જે કંઈ કરવા માગો છો—તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવવો, વધુ પુસ્તકો વાંચવા, તમારા સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું, વધુ સારા કાર્યો કરવા—તમે જે જીવન જીવવા માગો છો તે **આળસની બીજી બાજુ** છે. સંપૂર્ણ જાગૃતિ, યોગ્ય સમય વ્યવસ્થાપન અને દરેક ક્ષણનો આનંદ માણીને દરેક દિવસ જીવો. તમારું ભવિષ્ય ફક્ત તમે વર્તમાનમાં જે કાર્યો કરો છો તેનાથી જ બદલાઈ શકે છે. દરેક દિવસ, કલાક અને દરેક ક્ષણ મહત્ત્વપૂર્ણ છે, અને પુનરુત્થાનના દિવસે તમારે આ જીવન અને સમય વિશે ઈશ્વર (અલ્લાહ) સમક્ષ જવાબદાર રહેવું પડશે.

તમે જે વસ્તુઓ કરવા માગો છો તે શા માટે નથી કરી શકતા તેના બહાના બનાવવાનું બંધ કરો અને તેના બદલે તે **કેવી રીતે કરવી** તે વિશે તમારી જાતને પૂછવાનું શરૂ કરો. આ તમારા મનને કોઈ રસ્તો શોધવા માટે મજબૂર કરશે. તમારી જાતને યાદ કરાવો કે આળસને **દૂર કર્યા વિના ઉત્પાદકતા** (productivity) **કોઈ કામની નથી.** તેથી, ફક્ત સોફા પર બેસીને સપના જોવાને બદલે, તમારી આળસને દૂર કરવાનો, વિલંબની વૃત્તિ (procrastination)ને નષ્ટ કરવાનો અને તમારી ઉત્પાદકતા વધારવાનો પ્રયાસ કરો.

આળસનાં કારણો:

લોકો ઘણાં કારણોસર આળસની જાળમાં ફસાઈ જાય છે અને તેમનો કિંમતી સમય એવાં બિનજરૂરી કાર્યોમાં બગાડે છે જેને તેમના લક્ષ્ય કે ભવિષ્ય સાથે કોઈ સંબંધ નથી.

૧. વિલંબની વૃત્તિ (Procrastination):

"વિલંબની વૃત્તિ એટલે ટાળવું અથવા મુલતવી રાખવું" — તમારે જે કરવાની જરૂર છે તે કરવાનું ટાળવું. વસ્તુઓને મુલતવી રાખવી એ જીવનનો સૌથી મોટો બગાડ છે. તે દરેક દિવસને છીનવી લે છે અને ભવિષ્યનું વચન આપીને આપણને વર્તમાનથી દૂર રાખે છે. ભવિષ્યની અપેક્ષા એ જીવવામાં સૌથી મોટો અવરોધ છે, જે આવતીકાલ પર આધાર રાખે છે અને આજને ગુમાવે છે. આપણે સમયનું મૂલ્ય અને મહત્ત્વ જાણીએ છીએ, પણ આપણાં કાર્યો તેનાથી તદ્દન વિપરીત હોય છે. આપણે વિચારીએ છીએ કે આપણી પાસે અનંત સમય છે, પણ તે સાચું નથી. આપણે એવાં કાર્યોમાં ઘણો સમય પસાર કરીએ છીએ જે ન તો મહત્ત્વપૂર્ણ હોય છે કે ન તો તાત્કાલિક. ક્યારેક આપણે જાણી જોઈને તે કરીએ છીએ, પણ મોટા ભાગે આપણે **અજાણતાં** તે કરીએ છીએ, અને તે તો વિલંબની વૃત્તિ કરતાં પણ વધુ ખરાબ છે.

૨. પોતાના પર ધ્યાન કેન્દ્રિત ન કરવું:

જો આપણે આપણા જીવનમાં કંઈક મોટું પ્રાપ્ત કરવા માંગતા હોઈએ, તો આપણે બીજાઓ પર નહીં, પણ **પોતાના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. દરેક સમયે અન્ય લોકોની ક્રિયાઓ પર નજર રાખવાને બદલે, આપણે આપણી પોતાની ક્રિયાઓ પર ધ્યાન આપવું જોઈએ. આપણે હંમેશાં આપણા વિચારો, નૈતિક મૂલ્યો અને કાર્યોને સુધારતા રહેવું જોઈએ અને તે બગડે નહીં તેની કાળજી રાખવી જોઈએ. આપણે આપણી જાતને યાદ કરાવવું જોઈએ કે શું હું અલ્લાહની ખુશી તરફ, જન્નાહ તરફ દોરી જતા સાચા માર્ગ પર છું?** શું હું સાચા અને ખોટા વચ્ચેનો ભેદ પારખીને સાચાને અપનાવી રહ્યો છું? શું હું સારા કાર્યો કરી રહ્યો છું અને અન્યને સારું કરવા પ્રોત્સાહિત કરી રહ્યો છું? શું હું મારી જાતને અનિષ્ટથી દૂર રાખી રહ્યો છું અને અન્યને પણ અનિષ્ટથી દૂર રહેવા પ્રોત્સાહિત કરી રહ્યો છું?

અલ્લાહ કુર્આનમાં કહે છે: **"હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! પોતાની ચિંતા કરો, કોઈ બીજાની પથભ્રષ્ટતાથી તમારું કંઈ બગડતું નથી જો તમે પોતે સન્માર્ગ પર હોવ, અલ્લાહ તરફ તમને સૌને પાછા ફરવાનું છે, પછી તે તમને બતાવી દેશે કે તમે શું કરતા રહ્યા છો."** (૫:૧૦૫)

લોકોના નકારાત્મક અભિપ્રાયોની સતત ચિંતા ન કરો, કારણ કે તમે તેને નિયંત્રિત કરી શકતા નથી. આ તમને આત્મ-શંકાની માનસિકતામાં ફસાવી શકે છે. તેના બદલે, તમારી જાતને એ વસ્તુઓ પર કેન્દ્રિત રાખો જે ખરેખર તમને ચિંતા કરાવે છે, અને **અન્યના બિનજરૂરી અભિપ્રાયો પર તમારો સમય અને શક્તિ**

બગાડો નહીં. તેનો વધુ સારી રીતે ઉપયોગ કરવો તે ઘણું સારું છે. સામાન્ય રીતે ત્રણ પ્રકારના લોકો હોય છે:

૧. પહેલો પ્રકાર: મોટા ભાગના લોકોનો છે, જેઓ જે ગમે છે તે ક્યારેય શરૂ કરતા નથી અને કોઈ ચમત્કાર કે સારાની રાહ જોતા, અંતે કંઈ જ કરતા નથી.

૨. બીજો પ્રકાર: એવા લોકોનો છે જેઓ કંઈક શરૂ કરે છે, પણ ક્યારેય પૂરું કરતા નથી. જેવી મુશ્કેલીઓ આવે છે, તેઓ હાર માની લે છે અને બાકીનો સમય પસ્તાવો કરવામાં વિતાવે છે.

૩. ત્રીજો પ્રકાર: એવા લોકોનો છે જેઓ સખત મહેનત કરે છે, હાર માનતા નથી અને જ્યાં સુધી તેઓ તેમના લક્ષ્યસ્થાન સુધી પહોંચે નહીં ત્યાં સુધી પ્રયાસ કરતા રહે છે. તેઓ મહત્તમ શક્તિ, તાકાત, પ્રયત્નો અને દ્રઢતાથી પોતાને પ્રેરિત કરે છે.

૩. તમારો આરામદાયક પથારો (Comfort Zone) તમારો દુશ્મન છે:

"આરામદાયક વિસ્તાર એક સુંદર જગ્યા છે, પણ ત્યાં ક્યારેય કંઈ વૃદ્ધિ પામતું નથી." (અજ્ઞાત)

લોકો આળસુ હોય અને આવતીકાલ સુધી બધું ટાળે તેનું એક સૌથી મોટું કારણ એ છે કે તેઓ તેમના જીવનથી **ખૂબ સંતુષ્ટ** થઈ જાય છે અને તેઓ કોઈ ફેરફાર કરવા માંગતા નથી કારણ કે તેમાં ઘણા પ્રયત્નોની જરૂર પડે છે. **વૃદ્ધિ** માટે જરૂરી છે કે તમે તમારા comfort zone આરામદાયક વિસ્તારમાંથી બહાર નીકળો અને **મુશ્કેલ કાર્યો** કરવાનો પ્રયાસ કરો. તમારો આખો ફ્રી સમય મૂવી જોવામાં, આખો દિવસ ફોન સ્ક્રોલ કરવામાં વિતાવવો ખૂબ જ સરળ છે, પણ તે અર્થપૂર્ણ નથી. તમારું શરીર અને મગજ જાણે છે કે તમે ઉત્પાદક અને ફાયદાકારક પ્રવૃત્તિઓમાં સામેલ થવાને બદલે ફક્ત સમય બગાડી રહ્યા છો.

ઉકેલો:

તમારી આળસ, વિલંબની વૃત્તિને દૂર કરવા અને તમારા જીવનમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવા માટે તમારી ઉત્પાદકતાનું સ્તર વધારવા માટે આ કેટલાક ચોક્કસ ઉપચારાત્મક પગલાં અપનાવી શકાય:

૧. જીવનમાં હેતુ હોવો (Having Purpose in Life)**:**

જ્યારે જીવનમાં કોઈ હેતુ હોય છે, ત્યારે તમે આળસ કે નિરાશા અનુભવશો નહીં. તમે બિનલાભકારી કાર્યોમાં સમય બગાડ્યા વિના તમારા સમયનો યોગ્ય રીતે ઉપયોગ કરશો અને તમારા પ્રયત્નો ઉત્પાદક કાર્યમાં અથવા **સાચા માર્ગ પર** લગાવશો. આ હેતુ તમને મૃત્યુ અને સમયનો બગાડ કરવા બદલ ઈશ્વર સમક્ષ જવાબદાર થવાની યાદ અપાવશે.

૨. દરરોજ નાના સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું:

મોટા સુધારાઓની રાહ જોવાને બદલે, દરરોજ તમારી જાતમાં **૧% સુધારો** કરવાનો પ્રયાસ કરો. તમારા લક્ષ્યને ઘણા નાના લક્ષ્યોમાં વિભાજિત કરો અને તેમાંથી દરેકને એક પછી એક હલ કરો.

૩. જ્યારે તમે ૮૦% ભરાઈ જાઓ ત્યારે ખાવાનું બંધ કરવું:

જો તમે વધુ પડતું ખાઓ છો, તો તમને આળસ અને થાક લાગવાની શક્યતા વધી જાય છે, કારણ કે તમારું શરીર તમે ખાધેલા તમામ ખોરાકને પચાવવાનો પ્રયાસ કરે છે. આનાથી તમને ઊંઘ આવે છે, કામ કરવા માટે ઊર્જા (શક્તિ) રહેતી નથી અને તમે વિલંબની વૃત્તિ કરો છો.

૪. પ્રકૃતિ સાથે વધુ સમય વિતાવવો:

કુદરતી આસપાસના વિસ્તારોમાં સમય વિતાવવો એ તણાવ, ચિંતા અને બેચેનીનો સામનો કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે. જ્યારે પણ તમને આળસ કે અસ્વસ્થતા લાગે, ત્યારે **પ્રકૃતિમાં ફરવા જાઓ.** તે તમને ઈશ્વરના સત્યની સ્વીકૃતિની ભાવના પણ પ્રદાન કરશે.

૫. પોતાનું શ્રેષ્ઠ કરવું અને ટકી રહેવું (Persevering)**:**

સફળતા પ્રાપ્ત કરવા માટે મહત્તમ પ્રયત્નો કરવા અને દ્રઢતા તેમજ સ્થિતિસ્થાપકતા સાથે પડકારોમાં ટકી રહેવા પર ભાર મૂકો. આપણે સતત સુધારણાની માનસિકતા અપનાવવી જોઈએ અને માનવું જોઈએ કે પ્રતિબદ્ધતાથી સફળતા મેળવી શકાય છે. જ્યારે વસ્તુઓ ખૂબ મુશ્કેલ બને, જ્યારે તમે તમારા વિચારો, નૈતિકતા, કાર્યો અને જીવનશૈલી બદલવાનું શરૂ કરો, ત્યારે **ધીરજ અને દ્રઢતા** રાખો. આ પ્રક્રિયા સરળ નહીં હોય. તમને આંતરિક અને બાહ્ય એમ બંને રીતે ઘણી **મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.**

૬. તમારું જીવન બદલવા માટે નાની ટેવો અપનાવવી:

તમારી જાતમાં પરિવર્તન લાવવા માટે, તમારે દૈનિક ધોરણે કસરત કરવી જોઈએ. તમારી **આહાર યોજના** યોગ્ય રીતે તપાસવી જોઈએ, વધુ પાણી પીવું જોઈએ, તમારી જાતને યોગ્ય અને પ્રેમાળ લોકોથી ઘેરી લેવી જોઈએ, તમારી જાત પર વધુ પડતો બોજ ન નાખવો જોઈએ, એક સાથે બહુ આયામી-કાર્યકર્તા (multitasker) બનવાનો પ્રયાસ ન કરવો જોઈએ, **તમામ વિચલનોને દૂર કરવા** જોઈએ, તાત્કાલિકતાની ભાવના હોવી જોઈએ, તમારું શેડ્યૂલ પ્લાન કરવું જોઈએ, જ્યારે થાકી જાઓ ત્યારે **ઝપકી** (નાનો આરામ) લો, તમામ બિન-મહત્ત્વપૂર્ણ કાર્યો સોંપી દો, **યોગ્ય સમયની રાહ ન જુઓ, તે અત્યારે જ કરો, સમયમર્યાદા (deadlines) સેટ કરો.** •••

સત્યની શોધ અને ઈશ્વરનું માર્ગદર્શન

ચિંતન

✍ રિઝવાન અહેમદ

સભ્યતા અને સંસ્કૃતિના વિકાસની સાથે-સાથે આ પ્રશ્ન વધુ ગહન થતો ગયો કે જીવનની વ્યવસ્થાનો આધાર શું હોવો જોઈએ? શું તે મનુષ્યની મર્યાદિત બુદ્ધિ પર આધારિત હોય, કે પછી તે પરમ શક્તિ પર જે સમગ્ર બ્રહ્માંડની રચયિતા છે? માનવ-જીવન આ લોકથી પરલોક સુધી નિરંતર પગથિયે-પગથિયે ચાલતું અંતિમ પરિણામ સુધી પહોંચે છે. પ્રત્યેક વ્યક્તિની ઇચ્છા હોય છે કે તે દરેક ચરણમાં સફળતા તરફ આગળ વધતી રહે.

આ એક એવી ઇચ્છા છે જે ત્યારે જ સાકાર થઈ શકે જ્યારે જીવન તેની સાચી દિશામાં અને તેની અપેક્ષાઓ તથા નિયમ-વ્યવસ્થાને અનુકૂળ ચાલે. આ દિશા કઈ હોવી જોઈએ, કયો નિયમ હોવો જોઈએ અને જીવનની વ્યવસ્થા કેવી હોવી જોઈએ; જે મનુષ્યોને દરેક પ્રકારે આગળ વધારતી રહે અને સુખ તેમજ સફળતાનું માધ્યમ બને. જ્યારે આ નિયમ-વ્યવસ્થા મનુષ્ય પોતાની સીમિત બુદ્ધિ અને જ્ઞાનથી પોતે જ સર્જે છે, ત્યારે તે ઘણી ભૂલો અને દોષોથી યુક્ત હોય છે. આ જ કારણ છે કે મનુષ્ય પોતાના વ્યવહારિક અનુભવથી તેમાં સંશોધન કરતો રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ નિયમો સમગ્ર માનવો માટે યોગ્ય સાબિત થતા નથી.

પ્રશ્ન માત્ર એ નથી કે મનુષ્ય માટે જીવનના તમામ ક્ષેત્રોમાં વ્યવસ્થા શું હોવી જોઈએ, પરંતુ પ્રશ્ન એ પણ છે કે મનુષ્ય આ વિશ્વના સર્જકને સાચા સ્વરૂપમાં કઈ રીતે અને શું માને? સમગ્ર જગતનો રચયિતા કયા કર્મોથી પ્રસન્ન થાય છે અને કયા કર્મોથી અપ્રસન્ન? ધરતી પર ઉપસ્થિત જીવો અને પ્રાણીઓ સાથે મનુષ્યનો સંબંધ કયા પ્રકારનો હોવો જોઈએ? એ જ રીતે સૂર્ય, ચંદ્ર, સિતારા વગેરે આપણી સહાયક અને સેવક-સૃષ્ટિ છે કે પૂજ્ય ઉપાસ્ય ? શું પવનોને ચલાવનારી શક્તિ ઈશ્વર પૂજ્ય છે કે સ્વયં પવન પૂજ્ય છે?

આપણને મનુષ્યોને વૃક્ષો અને છોડમાંથી ફળ વગેરે ખાદ્ય પદાર્થો મળે છે, ધરતી પણ ખાદ્ય પદાર્થો આપે છે. આ ધરતીને આપણે પોતાના સેવક માનીએ કે માતાના રૂપમાં તેને પૂજ્ય-શક્તિ સ્વીકારીએ? આ વૃક્ષોને આપણે પોતાના પોષક માનીએ કે તેની પૂજા કરીએ અથવા પછી એક પરમેશ્વરને ધરતી અને વૃક્ષો વગેરેનો કર્તા તેમજ આ રચનાઓ દ્વારા આપણા પોષણની વ્યવસ્થા કરનાર માનીને તેને જ પાલનહારનું નામ આપીએ? વગેરે અનેક પ્રશ્નો છે, જેનો સાચો ઉત્તર આપણને મળે તો આપણે પોતાને પણ અને આ તમામ વસ્તુઓ તેમજ શક્તિઓને પણ સમજી શકીએ છીએ.

આ પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે પ્રત્યેક યુગમાં લોકોએ પોતાનું જીવન ખપાવ્યું છે. પરંતુ તેઓ એક ચોક્કસ અને સંતોષજનક ઉત્તર ન મેળવી શક્યા, બલ્કે વિચારોમાં ગૂંચવાઈને રહી ગયા. આ પ્રયાસના પરિણામ સ્વરૂપે જ સામાજિક દર્શનના મોટા-મોટા ચિંતકો સામે આવ્યા. પ્લેટો (Plato), એરિસ્ટોટલ (Aristole), સુકરાત (Socrates), બર્ગસન (Bergson), લિંકન, માર્ક્સ (Marx), ચાણક્ય વગેરે. આ બધાએ વિષયને માત્ર ગૂંચવ્યો જ છે, ઉકેલ્યો કોઈએ નથી. મનુષ્યની સીમિત બુદ્ધિ તો આટલું જ કરી શકતી હતી.

મનુષ્યે આ વિચારોને અપનાવીને પોતાનું વ્યક્તિગત તેમજ સામાજિક સંતુલન ગુમાવી દીધું. એટલું જ નહીં,

દર્શને ધર્મમાં પણ હસ્તક્ષેપ કરીને ફેરફાર કર્યા છે. વૈદિક ધર્મના લાંબા સમય પછીના શાસ્ત્રોને આપણે આ દૃષ્ટિથી જોઈએ તો તેમાં તેના અનેક ઉદાહરણો મળી જશે. સ્વયં બાઈબલના નવા અને જૂના કરારમાં ફેરફાર એક સર્વમાન્ય સત્ય છે.

ઈશ્વરે માણસોના માર્ગદર્શન માટે માણસને જ માધ્યમ બનાવ્યો. જે વ્યક્તિઓ દ્વારા ઈશ્વરે પોતાનો સંદેશ મોકલ્યો, તેમના માનનારાઓએ ધીમે-ધીમે એક લાંબા સમય પછી બધું જ ભૂલાવી દીધું. કોઈ પ્રામાણિક જ્ઞાન અને તે જ્ઞાનના સંદેશવાહકનું અસ્તિત્વ શેષ ન રહ્યું. આ પ્રકારે જ્યારે માનવ-જીવનમાં બગાડ આવ્યો તો ફરી ઈશ્વરે સંદેશવાહક મોકલવાની વ્યવસ્થા કરી. માનવ જાતિ વિવિધ દેશો અને જાતિઓમાં વહેંચાઈને દૂર-દૂર સુધી ફેલાઈ ગઈ. પ્રત્યેક જાતિમાં ઈશ્વરે પોતાનો સંદેશવાહક મોકલ્યો. આ હતું ઈશ્વરીય જ્ઞાન અર્થાત્ સત્ય-ધર્મનો સ્રોત. જે લોકો ઈશ્વર તરફથી સંદેશ સંભળાવવા અને માર્ગદર્શન માટે મનુષ્યોની વચ્ચે ઊભા કરવામાં આવતા રહ્યા, તેમને ઈશદૂત અને સંદેશવાહક કહેવામાં આવે છે. આ પદની બે શ્રેણીઓ રહી છે. એક તે ઈશદૂત, જે ઈશ્વરની વાણી સંભળાવતા અને ઈશ્વર-ભક્તિનું આહ્વાન કરતા હતા. આ ઈશદૂત પ્રથમ શ્રેણીના હોય છે. આ પોતાની તરફથી કંઈ કહેતા ન'હોતા. આ તે કહેતા, જે ઈશ્વર પોતાના શબ્દોમાં તેમને વાણી (વહ્ય દ્વારા) આપતા અને જે કંઈ ઈશ્વર તેમના હૃદયમાં નાખતા. આ હૃદયમાં નાખેલી વાત અવતરિત વાણી (વહ્ય)ની વ્યાખ્યા માટે થતી. અને એટલા માટે થતી કે દૂત તે સંદેશાઓ તેમજ આજ્ઞાઓને વ્યવહારિક રૂપ આપી શકે. એક આંદોલન ચલાવીને સમાજમાં શુદ્ધ પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરે. અરબીમાં તેમને રસૂલની સંજ્ઞા આપવામાં આવી છે.

બીજી શ્રેણીના દૂત તેઓ છે જે અગાઉના રસૂલોના અનુયાયીઓમાં બગાડ પેદા થઈ ગયા પછી તેમને રસૂલોના ઉપદેશો અને માર્ગને યાદ અપાવીને તેમનો સુધારો કરવા માટે આવ્યા. ઈશ્વરે તેમના પર અલગથી પોતાની વાણી ઉતારી નહીં. તેઓ ફક્ત અગાઉની વાણીને શુદ્ધ રૂપમાં સમજાવવા અને લોકોમાં સુધારો કરવાનું કાર્ય કરતા રહ્યા. ઈશ્વર તેમના હૃદયમાં વાતો નાખતો હતો અને તેઓ કાર્ય કરતા હતા. આવા દૂતોને નબી કહેવામાં આવે છે. સંભવતઃ વૈદિક ધર્મમાં પ્રથમ શ્રેણીના દૂતોને દેવદૂત અને દ્વિતીય શ્રેણીના દૂતોને ઋષિ કહેવામાં આવ્યા છે. દેવ-દૂતો માટે સંભવતઃ મહર્ષિ શબ્દનો પ્રયોગ થયો છે જે પછીના કાળમાં અસલ અર્થથી હટી ગયો અને બીજા મોટા જ્ઞાની પુરુષોમાંથી કોઈ-કોઈને ઋષિ અને કોઈને મહર્ષિ કે અવતાર કહી દેવામાં આવ્યા છે. ઋષિઓ અને મહર્ષિઓ (નબીઓ અને રસૂલો)ના અનુયાયીઓને અરબીમાં સહાબી કે હવારી કહેવામાં આવ્યા છે, જ્યારે હિંદી કે સંસ્કૃતમાં સખા કે ભક્ત કહેવામાં આવ્યા છે.

પ્રથમ મનુષ્યના પોતાના વધતા-ફેલાતી સંતાનોને પોતાનું જ્ઞાન આપવા માટે ઈશ્વરે પ્રથમ માનવ સ્વયંભૂ મનુ અર્થાત્ આદમને નબી બનાવ્યા અને આ પયગમ્બરી (Prophethood) ના ક્રમના પ્રથમ નબી થયા. જેમ-જેમ વસ્તી ફેલાતી અને વધતી રહી, એક-એક ક્ષેત્રમાં નબી કે રસૂલ આવતા રહ્યા. તેમના પછી ફરી જ્યારે-જ્યારે બગાડ થતો રહ્યો, તેમના સુધાર માટે ઈશ્વર વારંવાર આવી જ વ્યવસ્થા કરતો રહ્યો. મનુ પછી પહેલા મોટા નબી નૂહ હતા જેમને ન્યૂહ કહેવામાં આવ્યા છે. આ કહેવું કઠિન છે કે તેમના પૂર્વે પણ કેટલાક નાના-મોટા નબી આવ્યા હતા કે નહીં.

સેમેટિક અને અસેમેટિક તમામ જાતિઓ નૂહ અને તેમના સાથી અર્થાત્ ઋષિઓમાંથી જ નીકળી છે. આર્ય લોકોમાં કોણ-કોણ નબી આવ્યા તેનો પણ કોઈ પ્રામાણિક ઇતિહાસ મળતો નથી. અંતિમ નબી, જેમના આવવાની ભવિષ્યવાણીઓ અગાઉના નબી કરતા હતા, મધ્ય ધરતી પર આવ્યા. તેમનું નામ મુહમ્મદ (સ.અ.વ.) હતું. તેઓ અહમદ પણ કહેવાય છે. અરબના મક્કા નગરના નિવાસી હતા. તેમની એક તરફ પોતાની સેમેટિક પેઢીના લોકો હતા, બીજી તરફ આર્ય હતા. ''હે માનવો'', કહીને તેમણે ''હે માનવ, હે લોકો''ને સંબોધિત કર્યા. તેમણે આ ન કહ્યું કે હે આરબવાસીઓ કે હે સામીઓ (Semitics)! હું તમારા સમગ્ર લોકો તરફ મોકલવામાં આવ્યો છું. આથી, તેમણે જે માર્ગદર્શન અને આદર્શ પ્રસ્તુત કર્યો તે પણ કોઈ જાતિ વિશેષ માટે નહીં પરંતુ સાર્વભૌમિક છે અર્થાત્ સમગ્ર માનવ જાતિ માટે છે. ભલે તે માર્ગદર્શનના કાર્યનો આરંભ અરબ ધરતીથી કર્યો.

આ પ્રકારે માનવ ઇતિહાસનો સારાંશ આ જ જણાવે છે કે જ્યારે-જ્યારે તેણે પોતાની સીમિત બુદ્ધિ પર વધુ ભરોસો કર્યો, ત્યારે-ત્યારે ગૂંચવણો અને વિસંગતિઓ વધી. અને જ્યારે-જ્યારે તેણે પરમેશ્વરના દૂતોના માર્ગદર્શનને અપનાવ્યું, ત્યારે-ત્યારે જીવનમાં સંતુલન, ન્યાય અને કરુણાનું વાતાવરણ બન્યું. અંતિમ નબી મુહમ્મદ (સ.અ.વ)એ સાર્વભૌમિક સંદેશ આપીને આ સિદ્ધ કરી દીધું કે માર્ગદર્શન કોઈ એક જાતિ કે ભૂગોળ સુધી સીમિત નથી, બલ્કે સંપૂર્ણ માનવતા માટે છે. આ જ તે બિંદુ છે જ્યાં માનવ-જીવનની સીડીઓ પરલોકની સફળતા તરફ લઈ જાય છે અને અસ્તિત્વ પોતાના પરમ લક્ષ્ય-સત્ય, ન્યાય અને ઈશ્વરની પ્રસન્નતા સુધી પહોંચે છે. •••

અહંકારનો ચક્રવ્યૂહ

સૌંદર્ય બોધ

તબાના નૂરી

પ્રત્યેક મનુષ્યની અંદર ઓછી કે વધુ અહંકારની ભાવના હોય જ છે. જેની અંદર અહંકાર ન હોય તે સામાન્ય મનુષ્ય ન હોઈ શકે. અહંકારના બળવાન થવાથી જીવન જટિલ અને કષ્ટદાયક બની જાય છે. અહંકારના ચક્રવ્યૂહને તોડી શકવું સહેલું નથી. સ્વયંને સર્વશ્રેષ્ઠ અને બીજાઓને તુચ્છ સમજવાની મનોવૃત્તિ મનુષ્યને અહંકારી બનાવી દે છે. જ્યારે મનમાં અહંકાર આવવા લાગે છે, ત્યારે અહંકારની પાછળથી ઘણા એવા વિચારો આપમેળે આવી જાય છે જે આપણને પતન તરફ લઈ જાય છે. અહંકાર વિચલિત મનનું બીજ છે, જેના ફળ અત્યંત દુઃખદાયક અને ખતરનાક હોય છે.

પોતાની વાત પર અડગ રહેવું, પોતાને સાચો સાબિત કરવી, ભૂલ કરવા છતાંય સ્વીકાર ન કરવો, ભૂલ માટે બીજાઓને જવાબદાર ઠેરવવા, 'હું સાચો છું' તેવો ભ્રમ પેદા થઈ જવો, 'મારો કેવી રીતે લાભ થાય, મને કેવી રીતે ફાયદો પહોંચે.' — આ બધા શરૂઆતી અહંકારના લક્ષણો છે, જે પાછળથી વિકરાળ રૂપ ધારણ કરી લે છે. આથી જ દર્શન અને મનોવિજ્ઞાન સાથે જોડાયેલા વિદ્વાનો તેને સર્વથા ખોટો ગણાવે છે અને પોતાની વિવેક બુદ્ધિથી આ ખરાબ ભાવનાનો ત્યાગ કરવાની સલાહ આપે છે. દાર્શનિકોનું એવું માનવું છે કે જ્યારે અહંકાર બળવાન થઈ જાય છે, ત્યારે તે મનુષ્યની ચેતનાને અંધારાના પડની જેમ ઘેરવા લાગે છે.

શરૂઆતમાં તો આ ભાવ-આવેશ આપણા વશમાં હોય છે, પણ સમય વીતતાં તે એટલો શક્તિશાળી બની જાય છે કે આપણે તેના સેવક બની જઈએ છીએ. આપણાં સમગ્ર કાર્યો જ અહંકાર-પૂર્તિથી પ્રેરિત થવા લાગે છે. ધન, પદ-પ્રતિષ્ઠા અને યશ મેળવીને પણ આપણે અસંતુષ્ટ-અતૃપ્ત રહી જઈએ છીએ. અહંકારનો અણગમતો પ્રભાવ એ છે કે લોકો તમને નાપસંદ કરે છે, અહીં સુધી કે તમારાથી ડરે પણ છે. તે તમારું સન્માન છીનવી લે છે.

આપણે વારંવાર એ જ સાંભળીએ છીએ કે આ અહંકારનો ત્યાગ કરો. મહાપુરુષો દ્વારા પણ હંમેશાં આ જ વાત શા માટે દોહરાવવામાં આવે છે કે અહંકાર આપણને વિનાશ તરફ લઈ જાય છે? વિવિધ ધર્મ ગ્રંથો પણ આપણને અહંકારથી દૂર રહેવાનું શિક્ષણ આપે છે, પરંતુ સવાલ ઊભો થાય છે કે આખરે આ અહંકારનો જન્મ કેવી રીતે થાય છે? અહંકાર આવે છે ક્યાંથી? સવાલ એ પણ ઊભો થાય છે કે તેનાથી મુક્તિનો માર્ગ શું છે?

જાણકારોનું માનવું છે કે અહંકાર મનનો એક વિકાર છે જે મનુષ્યના મનમાં સ્વયં જ પેદા થાય છે. 'હું તમારા કરતાં સારો છું', 'હું વધારે પૈસા કમાઉં છું', 'મારું ઘર મોટું છે', 'મારી બુદ્ધિ વધારે છે', 'મેં વધારે યાત્રા કરી છે', 'મારી તાકાત વધારે છે', 'હું વધુ સ્વાદિષ્ટ ભોજન બનાવું



અહંકાર મનનો એક વિકાર છે જે મનુષ્યના મનમાં સ્વયં જ પેદા થાય છે. 'હું તમારા કરતાં સારો છું', 'હું વધારે પૈસા કમાઉં છું', 'મારું ઘર મોટું છે', 'મારી બુદ્ધિ વધારે છે', 'મેં વધારે યાત્રા કરી છે', 'મારી તાકાત વધારે છે', 'હું વધુ સ્વાદિષ્ટ ભોજન બનાવું છું' – આ યાદી ઘણી લાંબી છે. શ્રેષ્ઠતાની આ ભાવના જ તમામ અભિમાન અને અહંકારનું મૂળ છે.

છું' – આ યાદી ઘણી લાંબી છે. શ્રેષ્ઠતાની આ ભાવના જ તમામ અભિમાન અને અહંકારનું મૂળ છે.

અહંકારના ચક્રવ્યૂહને તોડવા માટે સૌ પ્રથમ સાચા મનથી નમ્રતા, સમર્પણ અને ત્યાગની સીડી પર પગ મૂકવો આવશ્યક છે. અહંકારમાંથી છુટકારો મેળવવાનું સૌથી મોટું યંત્ર છે – મૃત્યુ-બોધ. આપણે જે સુંદર શરીર, સાંસારિક ઉપલબ્ધિ અને પદ-પ્રતિષ્ઠા પર ગુમાન કરીએ છીએ, તે બધા ક્ષણભંગુર છે. તેમ છતાં આપણે તેને મેળવવા માટે ખોટા કામ કરવામાં અચકાતા નથી. પરંતુ જ્યારે આપણા અંતરમાં આ અંતર્જ્ઞાન જાગી જાય છે કે મૃત્યુ જ જીવન યાત્રાનો અંતિમ પડાવ છે, તો અહંકારની ભાવના વિલુપ્ત થઈ જાય છે.

અહંકારનો રોગ બહારની આંખોથી નહીં, પરંતુ અંતરમનની આંખોથી જોઈ શકાય છે. આથી, આપણા માટે પોતાના સચેત પ્રયાસથી અહંકારની નિરર્થકતાને સમજતાં તેનો ત્યાગ કરવો ખૂબ જરૂરી છે. ત્યાગ કરતાં પહેલાં તેની નિરર્થકતાને સમજવી પડશે.

અહંકારથી દૂર રહેવાનો એક અન્ય ઉપાય છે ઈશ્વરને યાદ કરવો – આપણે દરેક સમયે એ યાદ રાખવું જોઈએ કે ઈશ્વર બધું જુએ છે, અહીં સુધી કે વ્યક્તિના દિલમાં શું છે તે પણ તે જુએ જાણે છે. ધર્મનો જન્મ જ ત્યારે થાય છે, જ્યારે અહંકાર વિલીન થવા લાગે. ધાર્મિકતા માટે નિરહંકારિતા અતિ આવશ્યક છે. અહંકારી ક્યારેય ધાર્મિક ન હોઈ શકે, ધાર્મિક હોવાનો પાખંડ કરી શકે છે. નિરહંકારી થયા વિના ઊંચા પદો પર બેઠેલી વ્યક્તિ લોકહિતની વાતો તો કરશે, પણ લોકહિત ક્યારેય નહીં કરે. લોકહિત તેનાથી જ થઈ શકે છે, જે નિરહંકારી હોય.

અહંકાર આપણને આસ્તિકના ગુણોને પ્રાપ્ત કરવાથી રોકે છે. અભિમાની વ્યક્તિ ન તો વિનમ્ર હોઈ શકે છે અને ન તો તે ઈર્ષ્યાથી બચી શકે છે. તે સલાહ માનવાનો ઈનકાર કરી દે છે અને અવારનવાર પોતાના ક્રોધ કે ગુસ્સાને નિયંત્રિત કરવામાં અસમર્થ હોય છે.

ધર્મ ગ્રંથોમાં અહંકારના દુષ્પરિણામોથી લોકોને ચેતવવામાં આવ્યા છે. પવિત્ર કુર્આનમાં કહેવામાં આવ્યું છેઃ "કહેવામાં આવશે, દાખલ થઈ જાવ જહન્નમના દરવાજાઓમાં, અહીં તમારે હવે સદૈવ રહેવાનું છે, ખૂબ જ ખરાબ ઠેકાણું છે આ, અહંકારીઓ માટે." (કુર્આન, ૩૯ઃ૭૨)

કુર્આનમાં ઠેર-ઠેર ખૂબ જ સ્પષ્ટ રૂપે કહ્યું છે કે મનુષ્યે અહંકારથી દૂર રહેવું જોઈએઃ "અને ધરતીમાં અકડાઈને ન ચાલ, ન તો તું ધરતીને ફાડી શકે છે અને ન લાંબો થઈને પર્વતો સુધી પહોંચી શકે છે." કુર્આનમાં અન્ય એક સ્થાને કહેવામાં આવ્યું છેઃ "અને લોકોથી મોઢું ફેરવીને વાત ન કર, અને ન ધરતી પર અકડાઈને ચાલ, હકીકતમાં અલ્લાહ કોઈ સ્વચ્છંદી અને અહંકારી વ્યક્તિને પસંદ નથી કરતો." (કુર્આન, ૩૧ઃ૧૮)

નિઃશંકપણે, ઈશ્વર કોઈ અહંકારી વ્યક્તિને પસંદ કરતો નથી. તેથી એક આસ્તિક પોતાના ચરિત્રમાંથી અહંકારના લક્ષણોને દૂર કરવાનો પ્રયાસ કરે છે. તે હંમેશાં પોતાના વ્યવહાર પ્રત્યે સચેત રહે છે. જ્યારે વ્યક્તિનો અહંકાર દૂર થઈ જાય છે, તો તે પોતાના સુવિચારોની સાથે આત્માના ઊંડાણની યાત્રા પર નીકળી પડે છે અને તે જ અનંત શાંતિનો માર્ગ છે. આપણે સૌએ આપણા જીવનમાં અભિમાન અને અહંકારના બદલે દયા અને કરુણા લાવવી જોઈએ. આપણે આપણી અંદર છુપાયેલા અહંકારના અંધારાને દૂર કરવાનો નિરંતર પ્રયાસ કરતા રહેવું જોઈએ, જેથી આપણો આ લોક અને પરલોક બંને ઉજ્જ્વળ બની શકે.

•••

વૈશ્વિક વિમર્શ અને ભારતની પ્રતિબદ્ધતા

ધાર્મિક સ્વતંત્રતા માનવ જીવનનો એક મૂળભૂત આધાર છે. તે માત્ર પૂજા-પદ્ધતિ સુધી સીમિત નથી, પરંતુ તે વ્યક્તિના અંતઃકરણ, વિચાર અને આસ્થા સાથે જોડાયેલો અધિકાર છે.

જો વ્યક્તિ પોતાના અંતરાત્માનો અવાજ સાંભળીને કોઈ એક પંથથી બીજા પંથ તરફ આકર્ષાય, તો શું તેને રોકવો એ રાજ્યનું કામ છે? સંવિધાન અને આંતરરાષ્ટ્રીય ઘોષણાઓ આ પ્રશ્ન પર એકમત દેખાય છે કે દરેક માણસને પોતાની ઉપાસના-પદ્ધતિ પસંદ કરવાનો, ન માનવાનો અથવા બદલવાનો અધિકાર છે. સવાલ એ છે કે શું રાજ્ય આ અધિકારની સીમાઓ નક્કી કરીને વાસ્તવમાં ધાર્મિક સ્વતંત્રતાને નબળી નથી પાડી રહ્યું?

છેલ્લા એક દાયકામાં દેશના ઘણા મોટા રાજ્યોએ ધાર્મિક સ્વતંત્રતા અને ધર્માંતરણના પ્રશ્ન પર અનેક કાયદાકીય પગલાં લીધાં છે, પરંતુ આ પગલાંનું પક્ષપાતી અને શંકાસ્પદ સ્વરૂપ જગજાહેર છે. તાજેતરમાં ઉત્તરાખંડ સરકારે વિધાનસભાના આગામી સત્રમાં રજૂ થનારા ધાર્મિક સ્વતંત્રતા (સંશોધન) વિધેયક ૨૦૨૫ને મંજૂરી આપી દીધી છે. દેશના અડધા ડઝનથી વધુ રાજ્ય વિધાનમંડળોની આ કાર્યવાહીઓથી સ્પષ્ટ છે કે આ વિષય માત્ર સામાજિક ચર્ચાનો

આસ્થાની આઝાદી

✍ સુફિયાન અહેમદ

મુદ્દો રહ્યો નથી, પરંતુ નીતિ-નિર્માણ અને વહીવટી પ્રાથમિકતાઓનો ભાગ બની ચૂક્યો છે.

ભારતમાં વારંવાર આ તર્ક આપવામાં આવે છે કે ધર્માંતરણના નામે છળ, લાલચ કે દબાણ કરવામાં આવે છે, પરંતુ શું આ તર્ક સ્વયં એટલો નક્કર છે કે તેના આધારે વ્યાપક સ્તરે કાયદા બનાવવામાં આવે? અને જો ખરેખર એવી ઘટનાઓ બનતી પણ હોય, તો શું તેનો ઉકેલ સામાન્ય ફોજદારી કાયદાઓથી કરી શકાતો નથી? તો પછી વિશેષ રૂપે એક જ ધર્મ કે સમુદાયને લક્ષ્યાંક બનાવતા કાયદાઓ શા માટે બનાવવામાં આવે છે?

અનુચ્છેદ ૨૫ અને તેની વ્યાખ્યા

ભારતીય સંવિધાનનો અનુચ્છેદ ૨૫ સ્પષ્ટ રૂપે કહે છે કે પ્રત્યેક વ્યક્તિને અંતઃકરણની સ્વતંત્રતા અને ધર્મને માનવાનો, આચરણ કરવાનો તથા પ્રચાર-પ્રસાર કરવાનો અધિકાર છે. આલોચકોનું કહેવું છે કે તેમાં ધર્મ પરિવર્તનનો અધિકાર સમાવિષ્ટ નથી, પરંતુ સવાલ આ ઊભો થાય છે કે જો પ્રચાર-પ્રસારનો અધિકાર આપવામાં આવ્યો છે તો તેનો તાર્કિક અર્થ શું છે? પ્રચારનો મતલબ છે કે કોઈ વ્યક્તિ પોતાની વાત કહે અને સામેવાળી વ્યક્તિ પ્રભાવિત થઈને તેનો સ્વીકાર પણ કરી શકે છે.

જો પ્રચાર-પ્રસારનો અધિકાર છે, પરંતુ ધર્માંતરણનો અધિકાર નથી, તો આ એક વિરોધાભાસ છે. કારણ કે ધર્માંતરણ ફક્ત તે જ સ્થિતિમાં થશે જ્યારે કોઈને બીજાની વાત તાર્કિક, નૈતિક કે આધ્યાત્મિક રૂપે સાચી લાગે. તેને સ્વેચ્છાથી અપનાવવી એ અંતઃકરણની સ્વતંત્રતાનો જ ભાગ છે.

આંતરરાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય અને ભારતની પ્રતિબદ્ધતા

સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકારોની સાર્વભૌમિક ઘોષણાનો અનુચ્છેદ ૧૮ સ્પષ્ટ કરે છે કે દરેક વ્યક્તિને ન ફક્ત પોતાની ધાર્મિક આસ્થા માનવાનો, પરંતુ તેને બદલવાનો પણ અધિકાર છે. ભારત આ ઘોષણા પર હસ્તાક્ષર કરનાર દેશ છે. જો ભારત આંતરરાષ્ટ્રીય મંચ પર ધાર્મિક સ્વતંત્રતાનું સમર્થન કરે છે, તો આંતરિક સ્તરે તેને સંકુચિત કરવું કેવી રીતે યોગ્ય હોઈ શકે?

આ તર્ક આપવામાં આવે છે કે ભારતની સામાજિક પરિસ્થિતિઓ અલગ છે, તેથી અહીં ધર્માંતરણ પર રોક લગાવવી જોઈએ, પરંતુ આ તર્ક પોતે જ નબળો છે, કારણ કે વિવિધતાનું સન્માન કરવાનો મતલબ એ હોવો જોઈએ કે

વ્યક્તિ પોતાની આસ્થા પસંદ કરવા માટે સંપૂર્ણપણે સ્વતંત્ર હોય, ન કે તેના પર રાજ્યનો પહેરો લગાવવામાં આવે.

બેવડા માપદંડ

સૌથી મોટો સવાલ એ છે કે એક તરફ સમુદાય વિશેષને નિશાન બનાવતા ધર્માંતરણ પર રોકની વાત કરવામાં આવે છે, બીજી તરફ મોટા પાયે "ઘર વાપસી અભિયાન" ચલાવવામાં આવે છે, જેમાં હજારો લોકો કોઈ એક ધર્મમાંથી બીજા ધર્મમાં પાછા લાવવામાં આવે છે, તો શાસન-પ્રશાસન કેમ ચૂપ રહે છે?

શું આ પણ ધર્માંતરણ નથી? જો કોઈ વ્યક્તિનો ધર્મ બદલવો કાયદાકીય રીતે અપરાધ છે, તો પછી "ઘર વાપસી" જેવી ઘટનાઓ કઈ શ્રેણીમાં આવે છે? આ અભિયાનોમાં લોકોને સામૂહિક રૂપે બોલાવીને, અનુષ્ઠાનો દ્વારા ધર્મ બદલવા માટે પ્રેરિત કરવામાં આવે છે. ઘણી વાર સામાજિક દબાણ એટલું વધારે હોય છે કે વ્યક્તિ પોતાની વ્યક્તિગત ઈચ્છા કરતાં સમુદાયના દબાણમાં નિર્ણય લેવા મજબૂર થઈ જાય છે. તો પછી તેને સ્વેચ્છાનું નામ કેમ આપવામાં આવે છે?

અહીં અસલી સવાલ એ જ છે કે શું રાજ્યનો હસ્તક્ષેપ પસંદગીનો છે? શું કાયદાનો ઉદ્દેશ્ય વાસ્તવમાં ધાર્મિક સ્વતંત્રતાની રક્ષા કરવાનો છે કે કોઈ વિશેષ બહુમતી દૃષ્ટિકોણને સુરક્ષિત રાખવાનો?

વ્યક્તિની બુદ્ધિ અને તર્કશક્તિનું અપમાન

આ તર્ક અવારનવાર આપવામાં આવે છે કે ધર્માંતરણ લાલચ, ધન કે ઉપહાર દ્વારા કરાવવામાં આવે છે, પરંતુ શું આ તર્કને દરેક ઘટના પર લાગુ કરી શકાય છે? ઈતિહાસ સાક્ષી છે કે ઘણા લોકો પોતાના વ્યક્તિગત અનુભવ, અધ્યયન અને અંતરાત્માના અવાજના આધારે ધર્મ બદલે છે. આ એક ગહન આધ્યાત્મિક પ્રક્રિયા હોય છે, જે બાહ્ય લાલચથી નહીં, પરંતુ આંતરિક વિશ્વાસથી સંચાલિત થાય છે. જો રાજ્ય એવું માનીને ચાલે કે દરેક ધર્માંતરણ છેતરપિંડીનું પરિણામ છે, તો તે વ્યક્તિની બુદ્ધિ અને તર્કશક્તિનું અપમાન છે.

બિનસાંપ્રદાયિકતાની અસલી કસોટી

ભારતીય સંવિધાનનો મૂળ આત્મા બિનસાંપ્રદાયિકતા છે, પરંતુ બિનસાંપ્રદાયિકતાનો અર્થ ફક્ત એ નથી કે રાજ્ય બધા ધર્મોથી અંતર જાળવે. તેનો અર્થ એ પણ છે કે રાજ્ય કોઈ એક ધર્મને પ્રોત્સાહન ન આપે અને ન તો કોઈ ધર્મ પ્રત્યે શત્રુતાપૂર્ણ હોય.

જ્યારે ધર્માંતરણ-વિરોધી કાયદા બનાવવામાં આવે છે, તો તેની અસર મોટેભાગે લઘુમતી સમુદાયો પર જ વધુ પડે છે. બહુમતી સમુદાય દ્વારા કરવામાં આવતા ધર્માંતરણ અભિયાનો પર તે જ કાયદા લાગુ થતા નથી. આ બેવડું વલણ બિનસાંપ્રદાયિકતાના આત્માને નબળા પાડે છે.

ન્યાયપાલિકાનો દૃષ્ટિકોણ

ઉચ્ચતમ ન્યાયાલયે ઘણા અવસરો પર ધાર્મિક સ્વતંત્રતાને સંવિધાનના મૂળ માળખાનો ભાગ માન્યો છે, પરંતુ આ પણ સત્ય છે કે ન્યાયપાલિકાએ હજી સુધી ધર્માંતરણના અધિકારને એટલી સ્પષ્ટતાથી પારિભાષિત કર્યો નથી, જેટલી આવશ્યકતા છે. એસ.આર. બોમ્મઈ કેસમાં અદાલતે બિનસાંપ્રદાયિકતાને સંવિધાનનું મૂળ માળખું કહ્યું, પરંતુ બિનસાંપ્રદાયિકતાનો અર્થ ત્યારે જ સાકાર થશે જ્યારે વ્યક્તિને પોતાની આસ્થા બદલવાની પૂરી સ્વતંત્રતા મળે. અન્યથા આ અધિકાર અધૂરો જ રહેશે.

અસલી પડકારઃ સામાજિક સદભાવ વિરુદ્ધ વ્યક્તિગત સ્વતંત્રતા

ધર્માંતરણ-વિરોધી કાયદાઓનો મુખ્ય તર્ક એ છે કે સામાજિક સદ્ભાવ જાળવી રાખવા માટે તેને લાગુ કરવા જરૂરી છે, પરંતુ આ તર્ક સપાટી પરનો છે. સામાજિક સદ્ભાવનો મતલબ એ ન હોઈ શકે કે વ્યક્તિ પોતાની સ્વતંત્રતા છોડી દે. અસલી સદ્ભાવ ત્યારે પેદા થશે જ્યારે દરેક કોઈ પોતાની આસ્થા વિશે સ્વતંત્ર નિર્ણય લઈ શકે અને સમાજ તેને સહનશીલતા સાથે સ્વીકાર કરે. ધર્મ પરિવર્તનને રોકવું સામાજિક સદ્ભાવની રક્ષા કરતું નથી, બલ્કે તે અવિશ્વાસ અને ડરને પ્રોત્સાહન આપે છે.

અસલી સવાલોથી મોં ન ફેરવવું જોઈએ

ધાર્મિક સ્વતંત્રતાના નામે બનાવવામાં આવી રહેલા કાયદા અવારનવાર પોતાની દિશા ખોઈ દે છે. તેમનો લક્ષ્ય સ્વતંત્રતાની રક્ષા નહીં, પરંતુ કોઈ વિશેષ રાજકીય-સામાજિક વિચારને પ્રોત્સાહન આપવાનો બની જાય છે. સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે ધર્મ પરિવર્તનને કાયદાકીય અપરાધ ઘોષિત કરવાની વાત તો થાય છે, પરંતુ "ઘર વાપસી"ના મુદ્દા પર ચૂપકીદી કેમ સેવી લેવામાં આવે છે?

આ વિરોધાભાસને દૂર કર્યા વિના બિનસાંપ્રદાયિકતા અને ધાર્મિક સ્વતંત્રતાનો અસલી અર્થ સ્થાપિત કરી શકાતો નથી. જો આપણે ખરેખર સંવિધાનનો આત્મા અને માનવાધિકારોની સાર્વભૌમિક ઘોષણાનું સન્માન કરવા માગીએ છીએ, તો આપણે વ્યક્તિને પોતાની આસ્થા પસંદ કરવાની અને બદલવાની પૂરી સ્વતંત્રતા આપવી પડશે. રાજ્યનું અસલી કામ એ હોવું જોઈએ કે જોર-જબરદસ્તી, છેતરપિંડી કે લાલચથી થનારા ધર્માંતરણને રોકે, પરંતુ સ્વેચ્છાથી કરવામાં આવેલા ધર્મ પરિવર્તનને સંપૂર્ણપણે કાયદેસર અને સંરક્ષિત માને. આ જ બિનસાંપ્રદાયિક ભારતની સાચી ઓળખ હશે. •••

લા ઇકરાહા ફિદ્દીન

ઉકેલ

✍ **લુબના સબૂબ**

ધાર્મિક સ્વતંત્રતાનો સવાલ માત્ર સામાજિક, ધાર્મિક કે બંધારણીય ચર્ચાનો ભાગ નથી, પરંતુ ઊંડી દાર્શનિક અને આધ્યાત્મિક જડો ધરાવતો વિષય છે. ભારત જેવા બહુલતાવાદી દેશમાં, જ્યાં ધર્મ અને આસ્થાનો પ્રશ્ન ફક્ત અંગત જીવન સુધી સીમિત રહેતો નથી પરંતુ સામાજિક-સાંસ્કૃતિક સંરચના સાથે પણ જોડાય છે, ત્યાં આ વિમર્શ વધુ પ્રાસંગિક બની જાય છે. કારણ કે અહીં ધર્મ અને સંસ્કૃતિનું તાણુંવાણું એટલી ગહેરાઈથી ગૂંથાયેલું છે કે કોઈ પણ ધાર્મિક ચર્ચા માત્ર એક અંગત પસંદગી રહેતી નથી, બલ્કે સમગ્ર સમાજની વિચારસરણી અને જીવનશૈલીને પ્રભાવિત કરે છે. આ જ કારણ છે કે ધાર્મિક સ્વતંત્રતાનો પ્રશ્ન માત્ર બંધારણીય અધિકારોનો જ નહીં, બલ્કે સામાજિક સામંજસ્ય અને શાંતિનો પણ પ્રશ્ન છે.

તાજેતરનાં વર્ષોમાં ભારતના વિવિધ રાજ્યો દ્વારા બનાવવામાં આવી રહેલા ધર્માંતરણ-વિરોધી કાયદાઓ (Anti-Conversion Laws)એ આ ચર્ચાને વધુ તીવ્ર બનાવી દીધી છે. આ કાયદાઓ પાછળ તર્ક એ આપવામાં આવે છે કે ધર્માંતરણ અવારનવાર ધોખા, લાલચ કે દબાણને કારણે કરાવવામાં આવે છે, પરંતુ બીજી તરફ આ સવાલ પણ એટલી જ મજબૂતીથી ઊભો થાય છે કે શું કોઈ વ્યક્તિને પોતાના અંતઃકરણ અને તર્કને આધારે ધર્મ બદલતા રોકી શકાય છે? જો કોઈ વ્યક્તિ પોતાના અધ્યયન, ચિંતન કે વ્યક્તિગત અનુભવથી પ્રભાવિત થઈને પોતાના ધર્મમાં પરિવર્તન કરવા માગે છે, તો શું આ તેનો મૌલિક અધિકાર ન હોવો જોઈએ? અને જો રોકવામાં આવે છે તો તેનો આધાર શું હશે?

આ સમસ્યાને હલ કરવા માટે આપણે તે દૃષ્ટિકોણ તરફ પાછા ફરવું પડશે જેણે ઇતિહાસમાં હંમેશા આસ્થાની સ્વતંત્રતાને સન્માન આપ્યું, તે દૃષ્ટિકોણ જે કુર્આન અને ઇસ્લામી શિક્ષણમાં નિહિત છે. માનવ સભ્યતાની લાંબી યાત્રામાં અનેક સમાજો અને સંસ્કૃતિઓએ ધર્મના પ્રશ્નને સત્તા અને નિયંત્રણનું સાધન બનાવ્યો, પરંતુ કુર્આને તેને હંમેશા વ્યક્તિના અંતઃકરણ અને આત્મા સાથે જોડ્યો. આ દૃષ્ટિકોણ અપનાવ્યા વિના ન તો આધુનિક લોકતંત્રનો આત્મા સુરક્ષિત રહી શકે છે અને ન તો બહુલતાવાદી સમાજની બુનિયાદ મજબૂત થઈ શકે છે.

કુર્આન સ્પષ્ટ ઘોષણા કરે છેઃ “લા ઇકરાહા ફિદ્દીન” — દીન (ધર્મ)ના મામલામાં કોઈ બળજબરી નથી. (કુર્આન, ૨ઃ૨૫૬). આ આયત એક સાર્વભૌમિક સિદ્ધાંતને સ્થાપિત કરે છે. આસ્થાનો મામલો સંપૂર્ણપણે વ્યક્તિના આત્મા અને અંતરાત્મા સાથે જોડાયેલો છે. ન તો કોઈના પર આસ્થા લાદવી શક્ય છે, અને ન તો આસ્થાને જબરજસ્તી રોકવી. બંને જ સ્થિતિઓ



મનુષ્યની સ્વતંત્રતાનું હનન છે. આસ્થાનો અર્થ જ એ છે કે વ્યક્તિ પોતાની સમજ અને પોતાની ઇચ્છાથી કોઈ સત્યને સ્વીકાર કરે. જો કોઈ વ્યક્તિને દબાણ કે ભયના વાતાવરણમાં કોઈ ધર્મ માનવા પર મજબૂર કરવામાં આવે તો તેની આસ્થા ક્યારેય સાચી અને કાયમી ન હોઈ શકે.

ઈસ્લામી દૃષ્ટિકોણ અનુસાર, જો કોઈ વ્યક્તિ કોઈ તર્ક, નૈતિકતા કે આધ્યાત્મિક અનુભવથી પ્રભાવિત થઈને નવો ધર્મ અપનાવવા માગે છે, તો આ તેનો મૂળ અધિકાર છે. ધર્મનો સંબંધ હૃદય અને આત્મા સાથે છે, અને હૃદયના અવાજ પર કોઈ બાહ્ય નિયંત્રણ ન તો વૈધાનિક રૂપે ટકાઉ છે અને ન તો નૈતિક રૂપે ન્યાયપૂર્ણ.

જબરજસ્તી ધર્માંતરણ અને સ્વેચ્છાનો ભેદ

ઈસ્લામે જબરજસ્તી ધર્મ પરિવર્તન (Forced Conversion)ને સખત રીતે અસ્વીકાર કર્યું છે. પયગંબર મુહમ્મદ (સ.અ.વ.)એ કહ્યું: "જે કોઈ કોઈને જબરજસ્તી મુસલમાન બનાવશે, તેનો ઈસ્લામ અલ્લાહની નજદીક કબૂલ નહીં થાય." અર્થાત્, જો કોઈ વ્યક્તિ પર દબાણ, ભય કે લાલચ નાખીને તેને ધર્મ બદલવા પર મજબૂર કરવામાં આવે, તો તેની આસ્થાનું કોઈ મૂલ્ય નથી. ઈસ્લામનું દર્શન એ જ કહે છે કે આસ્થા ફક્ત ત્યારે જ મૂલ્યવાન છે જ્યારે તે સ્વેચ્છાથી સ્વીકાર કરવામાં આવે. આ જ સિદ્ધાંત ધર્મને એક આધ્યાત્મિક અને નૈતિક શક્તિ બનાવે છે, અન્યથા તે ફક્ત એક બાહ્ય દેખાડો બની રહે છે. અહીંથી સ્પષ્ટ થાય છે કે રાજયની અસલી જવાબદારી જબરજસ્તી, ધોખા કે પ્રલોભનથી કરવામાં આવેલા ધર્માંતરણને રોકવાની હોવી જોઈએ, પરંતુ કોઈની સ્વેચ્છાથી ધર્મ બદલવાની પ્રક્રિયા પર અંકુશ લગાવવો ન ફક્ત વ્યક્તિની સ્વતંત્રતાની વિરુદ્ધ છે, બલ્કે ઈસ્લામી શિક્ષણની પણ પ્રતિકૂળ છે. જો કોઈ રાજય ધર્મના પ્રશ્નમાં અતિશય દખલગીરી કરે છે તો તે સ્વયં પોતાના બિનસાંપ્રદાયિક ચારિત્રને ગુમાવી દે છે અને ધીમે-ધીમે સરમુખત્યારશાહી તરફ વધવા લાગે છે.

ઈસ્લામી સંદેશ

સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર ઘોષણા (UDHR)નો અનુચ્છેદ ૧૮ કહે છે કે દરેક વ્યક્તિને પોતાની ધાર્મિક આસ્થા બદલવાનો અધિકાર છે. આ સિદ્ધાંત મૂળભૂત રીતે ઈસ્લામી શિક્ષણ સાથે જ મેળ ખાય છે. ઇતિહાસ સાક્ષી છે કે મુસ્લિમ સમાજોમાં આ સ્વતંત્રતા લાંબા સમય સુધી બની રહી. સ્પેન, આફ્રિકા અને એશિયામાં ઈસ્લામી સભ્યતાના સમયમાં વિવિધ ધર્મોના લોકો એકસાથે રહેતા હતા અને પોતપોતાના ધર્મોનું પાલન કરતા હતા. જો કોઈ નવો ધર્મ અપનાવવા માગતું, તો તેને રોકવામાં આવતું ન'હોતું. આ જ કારણ હતું કે એ સમાજોમાં બૌદ્ધિક અને સાંસ્કૃતિક બહુલતા વિકસિત થઈ.

જો કોઈ ધર્મને માનનારાઓને આ ભય હોય કે તેઓ સ્વતંત્ર રૂપે પોતાની આસ્થા બદલી શકતા નથી, તો સમાજમાં શંકા અને અસહિષ્ણુતા વધશે. જ્યારે લોકો આ મહેસૂસ કરવા લાગે છે કે તેમની પસંદગીને દબાવવામાં આવી રહી છે, તો તેમનામાં વિદ્રોહની ભાવના પેદા થાય છે. બીજી તરફ, જ્યારે તેમને પોતાની આસ્થાના પ્રશ્નમાં સ્વતંત્રતા મળે છે, તો તેઓ વધુ શાંતિપ્રિય અને સહયોગી બને છે. કુર્આને સહનશીલતાને સામાજિક શાંતિની બુનિયાદ જણાવી છે અને આ જ કારણ છે કે ધાર્મિક સ્વતંત્રતાની રક્ષા ફક્ત વ્યક્તિગત અધિકારની સુરક્ષા નહીં, બલ્કે સામાજિક સ્થિરતાની ગેરંટી પણ છે.

આગળનો માર્ગ

રાજયએ સ્વેચ્છા અને જબરજસ્તી ધર્માંતરણ વચ્ચે સ્પષ્ટ ભેદ કરવો જોઈએ. જો કોઈ વ્યક્તિ પોતાના અધ્યયન અને અંતઃકરણના અવાજથી ધર્મ બદલે છે, તો આ સંપૂર્ણપણે કાયદેસર અને સંરક્ષિત હોવું જોઈએ. સમાજમાં આ શિક્ષણ આપવામાં આવવું જોઈએ કે ધર્મ વ્યક્તિગત પસંદગી છે, સામૂહિક દબાણનો ક્ષેત્ર નથી. ન્યાયપાલિકાએ આ સ્પષ્ટ કરવું જોઈએ કે અનુચ્છેદ ૨૫માં ધર્માંતરણનો અધિકાર નિહિત છે અને તે સંવિધાનના આત્માનો ભાગ છે.

ધાર્મિક સ્વતંત્રતા ફક્ત પૂજા-પદ્ધતિની છૂટનું નામ નથી. તે મનુષ્યના અસ્તિત્વ, તેના આત્મા અને વિવેક સાથે જોડાયેલો મૂળ અધિકાર છે. ઈસ્લામી દૃષ્ટિકોણથી જબરજસ્તી ધર્માંતરણ હર હાલમાં નિષિદ્ધ છે, પરંતુ સ્વેચ્છાથી ધર્મ અપનાવવો કે બદલવો એ વ્યક્તિની સ્વતંત્રતાનો ભાગ છે, જેને કોઈ રાજ્ય કે સમાજ છીનવી ન શકે. આ તથ્યને ન ફક્ત બંધારણીય માળખામાં સ્પષ્ટ રૂપે માન્યતા મળેલી છે, બલ્કે સામાજિક વિમર્શમાં પણ આ વાત ગહેરાઈથી બેસાડવામાં આવવી જોઈએ.

જો ભારત ખરેખર પોતાની બિનસાંપ્રદાયિકતા અને આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓનું સન્માન કરવા માગે છે, તો તેણે આ સિદ્ધાંતનો સ્વીકાર કરવો પડશે. ધર્મ આસ્થાનો વિષય છે, શાસનનો નહીં. અને આ જ દૃષ્ટિકોણ ઈસ્લામનું શિક્ષણ અને કુર્આનનો સાર્વભૌમિક સંદેશ છે. ●●●

AIનો જનપક્ષ

ભારત જ્યારે પોતાની આઝાદીના સો વર્ષ પૂરા કરવા તરફ આગળ વધી રહ્યો છે, ત્યારે સૌથી મહત્ત્વપૂર્ણ પ્રશ્ન આ છે કે આપણે ૨૦૪૭ સુધીમાં કેવા પ્રકારનો ભારત બનાવવા ઈચ્છીએ છીએ. સ્વતંત્રતાનું સ્વપ્ન માત્ર રાજકીય સ્વાયત્તતા સુધી સીમિત નથી. અસલી ઉદ્દેશ્ય છે એક એવો ભારત, જ્યાં દરેક નાગરિકને સમાન તકો મળે, જ્યાં સંસાધનોની પહોંચ સૌ સુધી હોય અને જ્યાં પ્રગતિનો લાભ માત્ર કેટલાક લોકો સુધી સીમિત ન રહેતાં સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચે. આ જ પરિપ્રેક્ષ્યમાં **આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)**નું મહત્ત્વ ઓર વધી જાય છે. AI માત્ર મશીનોને સ્માર્ટ બનાવવાનું માધ્યમ નથી, બલ્કે તે મનુષ્યોને સક્ષમ બનાવવાની અને સામાજિક-આર્થિક અસમાનતાઓને ઓછી કરવાની એક ઐતિહાસિક તક પ્રદાન કરે છે. તેથી AIની સૌથી મોટી

મંથન

✍ મયસમ ઝારા

આવશ્યકતા આ જ છે કે તેની પહોંચ સૌ સુધી સુનિશ્ચિત થાય.

ભારતે છેલ્લા એક દાયકામાં જે ડિજિટલ ક્રાંતિને જન્મ આપ્યો છે, તેણે સાબિત કર્યું કે જો ટેક્નોલોજી જનહિત માટે ઉપયોગમાં લેવાય તો તેની શક્તિ અમર્યાદિત હોય છે. આધાર જેવી ઓળખ પ્રણાલીએ નાગરિકોને શાસન સાથે જોડ્યા, જ્યારે UPIએ ચુકવણી પ્રણાલીનું લોકશાહીકરણ કરી દીધું. ગામનો એક નાનો દુકાનદાર પણ આજે તે જ સુવિધા સાથે ડિજિટલ લેવડ-દેવડ કરી શકે છે, જે સુવિધા મોટા કોર્પોરેટ પાસે છે. આ પરિવર્તન એટલા માટે સાર્થક છે, કારણ કે તેની પહોંચ સામાન્ય નાગરિક સુધી છે. આ જ દૃષ્ટિકોણ આપણે AIના મામલે પણ અપનાવવો પડશે.

ભારત સમક્ષ પડકાર માત્ર AIના વિકાસનો નથી, પરંતુ તેને સમાનરૂપે ઉપલબ્ધ કરાવવાનો છે. જો AIની પહોંચ માત્ર મહાનગરોના કેટલાક વિશેષ વર્ગ સુધી સીમિત રહી ગઈ, તો તે અસમાનતાઓને વધુ વધારશે. કલ્પના કરો, જો ગ્રામીણ ક્ષેત્રનો ખેડૂત AI આધારિત હવામાન પૂર્વાનુમાન, માટીની ગુણવત્તાની જાણકારી અને પાક વીમા સાથે જોડાયેલી સેવાઓ સુધી ન પહોંચી શકે, તો શું AIનો વિકાસ વાસ્તવમાં સાર્થક હશે? અથવા જો કોઈ ગરીબ વિદ્યાર્થી સુધી AI-સક્ષમ શિક્ષણ ન પહોંચ્યું, તો શું તે સમાન તકોનો દાવો કરી શકશે? એટલા માટે AIનું લોકશાહીકરણ (Democratization of AI) આવશ્યક છે.

ભારત જેવા વિશાળ અને વિવિધતાપૂર્ણ દેશમાં AIનો ઉપયોગ સૌથી પહેલાં કૃષિ, આરોગ્ય અને શિક્ષણ જેવા મૂળભૂત ક્ષેત્રોમાં થવો જોઈએ. સ્વાસ્થ્ય

સેવાઓમાં AI રોગોની વહેલી ઓળખ અને ઉપચારની પ્રક્રિયાને ઝડપી બનાવી શકે છે. પરંતુ આ ત્યારે જ સંભવ બનશે જ્યારે દૂરના ગામોના આરોગ્ય કેન્દ્રો પણ છેં સાથે જોડાયેલા હોય. શિક્ષણમાં AI વિદ્યાર્થીઓને વ્યક્તિગત શીખવાનો અનુભવ આપી શકે છે, પરંતુ જો ગ્રામીણ વિદ્યાર્થીઓ પાસે ઇન્ટરનેટ અને ઉપકરણોની કમી રહેશે, તો આ સુવિધા માત્ર કેટલાક લોકો સુધી સીમિત રહી જશે. એ જ રીતે, ન્યાયપાલિકામાં AI કેસોનો ઝડપી નિકાલ કરી શકે છે, પરંતુ તે ત્યારે જ સાર્થક થશે જ્યારે ગરીબ અને વંચિત વર્ગ પણ તેનો લાભ ઉઠાવી શકે.

નિયામક માળખું પણ AIની સૌ સુધી પહોંચ સુનિશ્ચિત કરવામાં કેન્દ્રીય ભૂમિકા ભજવશે. જો નીતિઓ ફક્ત ટેકનિકલ ઉદ્યોગના લાભ માટે તૈયાર કરવામાં આવી, તો AIનો વિકાસ વ્યવસાય-કેન્દ્રિત રહી જશે. આપણે એવા ધોરણો સ્થાપિત કરવા પડશે, જે એ સુનિશ્ચિત કરે કે AIનો પ્રયોગ શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને શાસન જેવા જનકલ્યાણના ક્ષેત્રોમાં ફરજિયાતપણે થાય. સાથે જ, તેના માટે ભાષા અને સંસ્કૃતિની વિવિધતાઓનું પણ ધ્યાન રાખવું પડશે. ભારતની તાકાત તેની ભાષાઈ વિવિધતા છે, અને જો AI ફક્ત અંગ્રેજી ભાષી સમાજ સુધી સીમિત રહ્યું તો તે કરોડો લોકોને હાંસિયા પર ધકેલી દેશે. તેથી સ્થાનિક ભાષાઓમાં AI અનુપ્રયોગોનો વિકાસ આવશ્યક છે.

ભારતની ડિજિટલ નીતિઓએ એ સિદ્ધ કર્યું છે કે સાચા દૃષ્ટિકોણથી બનાવવામાં આવેલી યોજનાઓ સમાજની તસવીર બદલી શકે છે. આધાર અને UPI તેના ઉદાહરણો છે. આ જ રીતે AIને પણ "સાર્વજનિક અવસરચના" (Public Infra-structure) તરીકે સ્થાપિત કરવું પડશે. આનો મતલબ આ છે કે સરકાર અને ખાનગી ક્ષેત્ર મળીને એવા પ્લેટફોર્મ બનાવે, જે તમામ નાગરિકો માટે ખુલ્લા અને સુલભ હોય. જે રીતે વીજળી અને રસ્તાને વિકાસની બુનિયાદ માનવામાં આવે છે, તે જ રીતે ભવિષ્યમાં AI સુધીની પહોંચને પણ મૂળભૂત અધિકાર તરીકે જોવી જોઈએ.

સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે AIનો ઉપયોગ ફક્ત તકનીકી દક્ષતા વધારવા સુધી સીમિત ન રહે. જો તે સમાજમાં ન્યાય, સમાનતા અને ગરિમાના સિદ્ધાંતોની રક્ષા ન કરી શક્યો તો તેનો કોઈ વાસ્તવિક અર્થ નહીં થાય. ભારતે AIની એવી દિશા નક્કી કરવી પડશે, જ્યાં ટેક્નોલોજી માનવતાની સેવા કરે, તકોનો વિસ્તાર કરે અને અસમાનતાઓને ઓછી કરે.

ભારતની સૌથી મોટી તાકાત તેની જનસંખ્યા છે. જો આ વિશાળ જનસમૂહને AIની શક્તિ સાથે જોડવામાં આવે, તો ભારત ન માત્ર તકનીકી શક્તિ બનશે, બલ્કે એક એવી સભ્યતાનું નેતૃત્વ કરશે, જે ન્યાયપૂર્ણ અને સમાનતામૂલક સમાજની દિશા બતાવશે. ખેડૂત જ્યારે AIથી લાભ મેળવશે, વિદ્યાર્થી જ્યારે AIથી નવું શિક્ષણ મેળવશે, દર્દી જ્યારે તેનાથી દૂરસ્થ સ્થાનથી ઇલાજ મેળવશે અને નાગરિક જ્યારે શાસનમાં વધુ પારદર્શિતા અનુભવશે, ત્યારે જ એમ કહી શકાશે કે AIની પહોંચ વાસ્તવમાં સૌ સુધી થઈ છે.

ભારતે એ યાદ રાખવું પડશે કે AI માત્ર ભવિષ્યની ટેક્નોલોજી નથી, બલ્કે વર્તમાનની સામાજિક આવશ્યકતા છે. આપણે એ સુનિશ્ચિત કરવું પડશે કે AIનો લાભ દરેક નાગરિક સુધી પહોંચે — ભલે તે કોઈ ગામમાં રહેતો હોય કે મહાનગરમાં, ભલે તે અમીર હોય કે ગરીબ, ભલે તે અંગ્રેજી જાણતો હોય કે ફક્ત પોતાની માતૃભાષા. ત્યારે જ ભારત વાસ્તવમાં તે "ઇન્ટેલિજન્ટ યુગ"નું નેતૃત્વ કરી શકશે, જેની તરફ આખી દુનિયા આશાથી જોઈ રહી છે.

અંતે, AI ભારતની વિકાસ-સમસ્યાઓને હલ કરવામાં સક્ષમ છે, પરંતુ તેનું અસલી સામર્થ્ય એ વાત પર નિર્ભર કરશે કે આપણે તેનો ઉપયોગ કયા પ્રકારે કરીએ છીએ. ટેક્નોલોજી પોતે ન તો શુભ હોય છે કે ન અશુભ, તેનું સ્વરૂપ અને પ્રભાવ એ વાતથી નક્કી થાય છે કે સમાજ અને સરકાર તેને કઈ દિશામાં વાળે છે. જો AI ફક્ત ઉત્પાદન વધારવા અને મોટા ઉદ્યોગોના નફા સુધી સીમિત રહી ગયું, તો તે સામાજિક અસમાનતાને વધુ ગહન કરી શકે છે. પરંતુ જો તેને શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને ન્યાય જેવી મૂળભૂત જરૂરિયાતો સાથે જોડવામાં આવે, તો તે કરોડો લોકોની જિંદગી બદલી શકે છે.

AI શિક્ષણને વ્યક્તિગત બનાવવામાં, ડોક્ટરોની કમીથી ઝઝૂમતા ક્ષેત્રોમાં ઇલાજ પહોંચાડવામાં, ખેડૂતોને યોગ્ય હવામાન અને બજારની જાણકારી આપવામાં અને ન્યાયિક પ્રક્રિયાઓને ઝડપી બનાવવામાં મદદ કરી શકે છે. એટલું જ નહીં, તે નવા રોજગાર અને કૌશલ્ય વિકાસની તકો પણ ઉત્પન્ન કરી શકે છે. પરંતુ તેના માટે સૌથી જરૂરી છે કે AIની પહોંચ દરેક નાગરિક સુધી હોય, ભલે તે ગામમાં રહેતો હોય કે શહેરમાં.

તેથી AIનું ભવિષ્ય ફક્ત ટેક્નોલોજીની પ્રગતિથી નહીં, પરંતુ આપણા નૈતિક નિર્ણયો અને નીતિગત દિશાથી નક્કી થશે. જો આપણે તેને સમાન તક અને ન્યાયના ઉપકરણ તરીકે ઉપયોગમાં લઈએ, તો તે જ ભારતની વાસ્તવિક તાકાત બનશે.

•••

પોતાની રચનાત્મક ક્ષમતાને નિખારો

મહિલા જગત

✍ ફાઇઝા સઈદ

હાલમાં જ દેશના એક મુખ્ય રાષ્ટ્રીય હિંદી દૈનિકે મહિલાઓની સુરક્ષાથી સંકળાયેલ એક સંવેદનશીલ અને ચર્ચા માગી લેતા પ્રશ્ન પર ધ્યાન દોરતાં એક અસરકારક તંત્રીલેખ પ્રકાશિત કર્યો. તેમાં તીખા શબ્દોમાં મહિલાઓની સુરક્ષાને લઈને સરકારી અને સંબંધિત સંસ્થાનોને કઠેડામાં ઊભા કરવામાં આવ્યા હતા.

ધ્યાન આપવા લાયક વાત આ છે કે આ ચર્ચાનું કેન્દ્ર ગુજરાતના અહમદાબાદમાં ચલાવવામાં આવેલ એક ''સુરક્ષા જાગૃતિ અભિયાન'' બન્યું, જેમાં પરિવહન પોલીસ દ્વારા સાર્વજનિક સ્થળોએ કેટલાક પોસ્ટર લગાવવામાં આવ્યા હતા. એ પોસ્ટરોમાં મહિલાઓને આ સલાહ આપવામાં આવી હતી કે તેઓ ''મોડી રાત્રી-પાર્ટીમાં ન જાય'' અથવા ''અંધારા અને સૂમસામ સ્થાનો પર પોતાના મિત્ર સાથે ન રહે'' આ સંદેશને લઈ ભારે વિવાદ ઊભો થયો. તંત્રીલેખમાં આ ચિંતા વ્યક્ત કરવામાં આવી કે આ પ્રકારની ચેતવણીઓ મહિલાઓના અધિકારોને સીમિત કરનારી ન પણ હોય તો ઓછામાં ઓછું તેમને અપરાધ માટે પરોક્ષ રીતે જવાબદાર ઠેરવનારી અવશ્ય જણાય છે.

પોસ્ટર લગાવવા માટે જવાબદાર પરિવહન પોલીસ અને સંબંધિત સંગઠનને સંવેદનહીન, અણસમજુ કે પછી એક આપરાધિક માનસિકતાનો બચાવ કરનાર બતાવવામાં આવ્યું. લેખમાં મહિલાઓ વિરુદ્ધ થનારા જઘન્ય અપરાધો પ્રત્યે આ વિચારને અત્યંત જડ, સંકીર્ણ અને પ્રતિગામી ઠેરવવાની સાથોસાથ આ દૃષ્ટિકોણ અંગે અફસોસ પણ વ્યક્ત કરવામાં આવ્યો.

મહિલાઓની સુરક્ષાના પ્રશ્ને ચર્ચા જેટલી જરૂરી છે, એટલી જ જરૂરી છે એ પ્રયત્નોની નિષ્પક્ષ સમજ અને આલોચનાત્મક વિવેક સાથે વ્યાખ્યા; જે આ દિશામાં કરવામાં આવી રહ્યા છે. અહમદઆબાદમાં પરિવહન પોલીસ અને એક કહેવાતા બિન-સરકારી સંગઠન (NGO) દ્વારા લગાવવામાં આવેલ આ પોસ્ટરોને લઈને જે વિવાદ ઊભો થયો એ ક્યાંક ને ક્યાંક આપણા સામાજિક વિમર્શની એ વિડંબનાને ઉજાગર કરે છે જ્યાં સંવેદનશીલતા અને જવાબદારીના નામે ઉઠાવવામાં આવેલ કેટલીક સાવચેતી પણ સંકીર્ણતા અને અપરાધના સમર્થનની શ્રેણીમાં મૂકી દેવામાં આવે છે.

વાસ્તવમાં, જે પોસ્ટરોને લઈને પ્રશ્ન ઉઠાવવામાં આવ્યા, તેમનો મૂળ ઉદ્દેશ્ય મહિલાઓને દોષી ઠેરવવી નહીં, બલ્કે તેમને સંભવિત ખતરાઓ પ્રત્યે સતર્ક કરવાનો હતો. જો કોઈ પોસ્ટરમાં આ કહેવામાં આવ્યું કે ''મોડી રાત્રી-પાર્ટીમાં ન જાય'' અથવા ''સૂમસામ સ્થળોએ પોતાના મિત્ર સાથે એકલા ન રહે'' તો આનો સીધે-સીધો આશય ન તો આ છે કે જો કોઈ મહિલા આવું કરે છે તો એ અપરાધ માટે જવાબદાર છે, અને ન જ આ કે અપરાધીઓને આનાથી કોઈ વૈધતા મળી જાય છે. બલ્કે આ માત્ર એક સાવધાની છે, જેમકે આપણે કહી શકીએ છીએ કે ''સડક ઓળંગતી વખતે બન્ને તરફ જોઈ લેવું જોઈએ'' ''યાત્રીઓ પોતાના સામાનની સુરક્ષા પોતે કરે'' અથવા ''અજાણ વ્યક્તિ સાથે વાત ન કરો'' વિ.

સાવધાનીને સંકીર્ણતા કહી ન શકાય

આવા સંદેશાઓને સંકીર્ણ અને જડ માનસિકતાની ઊપજ કહી દેવું સ્વયં પોતાનામાં અતિશ્યોક્તિપૂર્ણ છે. આ સમજવું જરૂરી છે કે મહિલાઓની સુરક્ષા માત્ર કાનૂની સજાઓથી જ નહીં, બલ્કે સામાજિક ચેતના અને વ્યક્તિગત્

સતર્કતાથી પણ સુનિશ્ચિત થાય છે. જે રીતે ભારત સહિત સમગ્ર વિશ્વમાં સાયબર સુરક્ષાને લઈ યુવાઓને આ શીખવાડવામાં આવે છે કે "પોતાના પાસવર્ડ કોઈને જણાવો નહીં" અથવા "ફિશિંગ લિંકથી બચો" શું એ જ રીતે મહિલા સુરક્ષા માટે કેટલાક વ્યવહારિક સૂચનો આપવા એક આપરાધિક વિચાર છે ?

સંદેશાઓનો ઉદ્દેશ્ય ભય નહીં સતર્કતા છે

મહિલાઓને મોડી રાત્રે એકલા બહાર જવાથી મનાઈ કરવાનો અર્થ તેમને તેમના અધિકારોથી વંચિત કરવાનો નથી. આ એક યથાર્થપરક સલાહ છે, જેમાં ન તો કોઈ કાનૂની પાબંદી (પ્રતિબંધ) છે અને ન જ કોઈ સામાજિક આલોચના. ભારત જેવા દેશમાં, જ્યાં કેટલાય ક્ષેત્રોમાં હજી પણ સમુચિત સ્ટ્રીટ લાઇટિંગ, સાર્વજનિક સુરક્ષા પેટ્રોલિંગ અને ભરોસાપાત્ર પરિવહનની વ્યવસ્થા નથી, ત્યાં મહિલાઓને અસુરક્ષિત ક્ષેત્રો પ્રત્યે વાકેફ કરવી એક જવાબદારીભર્યું કાર્ય છે.

શું આ અપરાધીઓનો બચાવ છે ?

લેખમાં આ આરોપ પણ લગાવવામાં આવ્યો છે કે આ પ્રકારની ચેતવણીઓ "આપરાધિક માનસિકતાનો બચાવ" છે ? આ એક ગંભીર આરોપ છે, જેને તથ્યોની કસોટી પર પારખવા જરૂરી છે. શું મહિલાઓને સતર્ક રહેવાની સલાહ આપવી વાસ્તવમાં અપરાધીઓને સંરક્ષણ આપવું છે ? ના. જો કોઈ ડૉક્ટર કહે કે મચ્છરોથી બચવા માટે શરીરને ઢાંકીને રાખે", તો આનો આ અર્થ નથી કાઢી શકાતો કે એ સરકારને મચ્છર નિયંત્રણ માટે ઉત્તરદાયી નથી ઠેરવી રહ્યો. આવી જ રીતે, કોઈ સંગઠનનું મહિલાઓને વ્યવહારિક સુરક્ષા વિષે ચેતવવી એ સંસ્થાની જવાબદારી અને સંવેદનશીલતાને જ દર્શાવે છે, નહીં કે અપરાધીઓ પ્રત્યે સહાનુભૂતિને.

પ્રત્યેક સુરક્ષા પ્રયાસનો સ્વાગત થવો જોઈએ, નિંદા નહી

સમસ્યા ત્યારે ઊભી થાય છે કે જ્યારે દરેક ચેતવણીને દોષ આપવા (Victim Blaming)ના ચશ્માથી જોવામાં આવે. સામાજિક વિજ્ઞાનનો આ સિદ્ધાંત છે કે કોઈ પણ સામાજિક સમસ્યાના સમાધાન માટે બહુપક્ષીય દૃષ્ટિકોણ આવશ્યક હોય છે. અપરાધની રોકથામ માત્ર દંડાત્મક વ્યવસ્થાથી નહીં, બલ્કે સામાજિક જાગૃતિ, વ્યક્તિગત સાવધાની અને સામૂહિક સહયોગથી થાય છે.

પોસ્ટરોમાં જે વાતો લખવામાં આવી, એ નૈતિક ઉપદેશ ન હતી, બલ્કે વ્યવહારિક ચેતવણીઓ હતી. આ કહેવું કે મહિલાઓને મોડી રાતે અંધારા વિસ્તારોમાં જવું ન જોઈએ, એવું જ છે જેમકે કોઈ પર્વતારોહકને આ કહેવું કે હિમવર્ષા દરમ્યાન પર્વતારોહાણને ટાળે. શું આ પર્વતારોહકની ક્ષમતાઓનું અપમાન છે ? ના ! આ એક જવાબદારી ભરી સલાહ છે.

જો આ પોસ્ટર પરિવહન પોલીસ અથવા બિન-સરકારી સંગઠન (NGO) દ્વારા લગાવવામાં આવ્યા હતા, તો આ જરૂરી હતું કે તેમના ઇરાદાઓ અને ઉદ્દેશ્યોને ચકાસવા-પારખવામાં આવે, નહીં કે માત્ર ઉપર છલ્લી ભાષાના આધારે તેમને આરોપોના કઠેડામાં ઊભા કરી દેવામાં આવે.

આજે આવશ્યકતા આ વાતની છે કે મહિલા સુરક્ષા અંગે વિચાર-વિમર્શ કરતી વખતે આપણે અધિકારો અને જવાબદારીઓ વચ્ચે સુનિશ્ચિત કરવાનું છે કે કોઈ પણ રૂપમાં પીડિતાને અપરાધ માટે જવાબદાર ઠેરવવામાં ન આવે, તો બીજી તરફ આ પણ જરૂરી છે કે તેમને વ્યવહારિક જીવનના પડકારો અને સંભવિત ખતરાઓથી પણ સાવધાન કરવા કે ચેતવવામાં આવે.

જો કોઈ સંસ્થા આ કાર્ય કરી રહી છે, તો તેને સંકીર્ણતાનો પ્રતીક કહેવો માત્ર અનુચિત છે, એટલું જ નહીં બલ્કે આ મહિલાઓની સુરક્ષા માટે કરવામાં આવી રહેલા વ્યાપક પ્રયાસોને પણ કમજોર કરવા સમાન છે.

વાસ્તવિકતા આ છે કે સુરક્ષા ફક્ત નારાઓ અને વાયદાઓથી નહીં આવતી, બલ્કે સમજદારી, જાગૃકતા અને સહયોગથી આવે છે. આ કાર્ય જો કોઈ સંગઠન કરી રહ્યું છે, તો એવા પ્રયાસોને સામાજિક સહયોગના રૂપમાં માન્યતા મળવી જોઈએ. શંકાની નજરે જોવું ન જોઈએ. •••

Eye Guard Opticals

Irfan Saiyad

Mo. : 98252 84358

We make spectacles as per Dr. Prescription.
Fitting of spectacles will be done on Japan Automatic Machine

S-B-3, Sunrise Point, Hanuman Gali, Opp. Kumar Sala No. 1, Raopura, Vadodara

માનવતાના અધિકાર અને આપણા કર્તવ્યો

પ્રકાશ સ્તંભ

✍ મૌલાના સૈયદ જલાલુદ્દીન ઉમરી

સમાજમાં જે પણ વ્યક્તિ સેવાને લાયક હોય તેની સેવા થવી જોઈએ. માણસને માતા-પિતા, સંતાનો અને નજીકના સંબંધીઓથી સ્વાભાવિક રીતે પ્રેમ હોય છે. તે તેમની સાથે એક વિશેષ આંતરિક સંબંધ અનુભવે છે, આ જ કારણે તેમની સેવાને પોતાનું નૈતિક કર્તવ્ય સમજે છે, પરંતુ સમાજના અન્ય લોકો સાથે આ પ્રકારનો ભાવનાત્મક લગાવ તેની અંદર હોતો નથી, આથી તેમની સાથે તેનું વર્તન પણ અલગ હોય છે.

ઈસ્લામ માણસો વચ્ચેના સંબંધોના પ્રકાર, તેમના પદ અને શ્રેણીઓને પૂરી રીતે ધ્યાનમાં રાખે છે અને તેમના અધિકારોનું નિર્ધારણ પણ કરે છે. ઈસ્લામે એ પણ જણાવ્યું છે કે સેવા અને સારા વ્યવહારના પ્રાથમિક અધિકારી કોણ છે. આ સાથે તેનો ઉપદેશ એ છે કે માણસ માત્ર તે જ વ્યક્તિઓની સેવા કરવાને પોતાનું કર્તવ્ય ન સમજે જેમની સાથે તેનો લોહીનો સંબંધ છે, બલ્કે તે એવા લોકો સાથે પણ સારો વ્યવહાર કરે જેમની સાથે તેનો કોઈ સંબંધ-નાતો નથી.

તેની સેવા અને સદ્‌વ્યવહારનું ક્ષેત્ર તેના ઘર અને પરિવારથી આગળ વધીને સમગ્ર સમાજ સુધી ફેલાઈ જાય. તે સંપૂર્ણ માનવજાતિને પોતાનો પરિવાર સમજીને તેની સેવા માટે ઊભો થઈ જાય. કુર્આનનું સૂરઃ-૪ 'નિસા'ની એક આયત અતિ સંક્ષિપ્ત રૂપમાં જણાવે છે કે તે કોણ લોકો છે જે સેવા અને સારા વ્યવહારના અધિકારી છે. તે આયત આ છેઃ **"અને તમે સૌ અલ્લાહની બંદગી કરો, તેના સાથે કોઈને ભાગીદાર ન બનાવો, માતા-પિતા સાથે સારો વ્યવહાર કરો, સગા-સંબંધીઓ અને અનાથો અને જરુરતમંદ લોકો સાથે સદ્‌વર્તન દાખવો, અને પાડોશી સગા સાથે, અજાણ્યા પાડોશી સાથે, સાથે બેસનારા સંગાથીઓ અને મુસાફરો સાથે, અને તે દાસ-દાસીઓ સાથે જેઓ તમારા કબજામાં હોય ભલાઈનું વર્તન દાખવો, વિશ્વાસ રાખો કે અલ્લાહ કોઈ એવા માણસને પસંદ નથી કરતો જે પોતાના અહંકારમાં ગળાડૂબ હોય અને પોતાની મોટાઈનું ઘમંડ કરે."** (કુર્આન, ૪ઃ૩૬)

આ આયતમાં જો કે સમાજના તે તમામ નબળા અને વંચિત વર્ગોનો ઉલ્લેખ નથી જેમની સેવા કરવાની કુર્આન તાકીદ કરે છે, પરંતુ તેનાથી તેના સહાનુભૂતિપૂર્ણ તથા પ્રેમથી ભરેલા વ્યવહારને સમજવામાં મદદ મળે છે. અહીં અમે આ આયતની સંક્ષિપ્ત વ્યાખ્યા કરીશું, પરંતુ આ પહેલાં એ વાત સ્પષ્ટ કરી દેવી યોગ્ય રહેશે કે કુર્આને 'સેવા' માટે

'એહસાન'નો પારિભાષિક શબ્દ પ્રયોગ કર્યો છે. આ એક મોટો વ્યાપક શબ્દ છે જે સેવાના તમામ પાસાઓ પર પ્રભાવી છે. તેમાં હિંમત આપવી, સહાનુભૂતિ, પ્રેમ, આવશ્યકતાઓને પૂરી કરવી તથા કોઈને તેના અધિકારથી વધુ આપવું વગેરે બધું જ આવી જાય છે.

કુર્આનમાં તમામ માણસો સાથે સારો વ્યવહાર અપનાવવાની હિદાયત આપવામાં આવી છે. આ વિષયમાં સૌથી પહેલાં માતા-પિતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. માતા-પિતાની સેવાનો ઉપદેશ દુનિયાના દરેક ધર્મે આપ્યો છે. કુર્આનમાં એક-બે નહીં, બલ્કે અનેક સ્થાનો પર માતા-પિતા સાથે સારા વ્યવહારનો આદેશ આપવામાં આવ્યો છે. માણસનું અસ્તિત્વ, તેનો જન્મ, પાલન-પોષણ, દેખરેખ, શિક્ષણ-દીક્ષા તથા તેના આર્થિક અને નૈતિક વિકાસ વગેરેમાં માતા-પિતા સૌથી વધુ ભાગીદાર હોય છે. જો તેઓ ધ્યાન ન આપે તો તે ઉન્નતિ કરી શકતો નથી, બલ્કે તેનું અસ્તિત્વ જ ખતરામાં પડી શકે છે. અશિક્ષિતથી-અશિક્ષિત તથા દરિદ્રથી દરિદ્ર માતા-પિતા પણ સંતાન માટે જે કુરબાની આપે છે, માનવ સમાજમાં તેનું બીજું કોઈ ઉદાહરણ આપી શકાતું નથી. કુર્આને અલ્લાહ પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવાનો પણ આદેશ આપ્યો છે અને માતા-પિતા પ્રત્યે કૃતજ્ઞતા બતાવવાની પણ હિદાયત કરી છેઃ **"... મારો આભાર માન અને પોતાના માતા-પિતા પ્રત્યે આભાર વ્યક્ત કર, મારા જ તરફ તને પાછા ફરવાનું છે."** (કુર્આન, ૩૧:૧૪)

કુર્આને વિશેષ રૂપે વૃદ્ધાવસ્થામાં માતા-પિતા સાથે સારો વ્યવહાર કરવાની તાકીદ કરી છેઃ **"જો તેમાંથી કોઈ એક કે બંને તમારા સામે વૃદ્ધાવસ્થા સુધી પહોંચી જાય તો તમે તેમને 'ઉફ' પણ ન કહો અને ન તેમને ધમકાવો, બલ્કે તેમની સાથે ભલી રીતે વાત કરો અને દયાભાવ અને નરમાશ સાથે તેમના સામે ઝૂકીને રહો, અને દુઆ કરોઃ 'પાલનહાર! આમના ઉપર દયા કર જે રીતે તેમણે મમતા અને સ્નેહપૂર્વક મને બાળપણમાં ઉછેર્યો હતો."** (કુર્આન, ૧૭ઃ ૨૪)

કુર્આને માતા-પિતાના તરત બાદ સગાં-સંબંધીઓનો ઉલ્લેખ કર્યો છે. તેમાં આ વાત તરફ સંકેત છે કે માતા-પિતા પછી સૌથી વધુ હક સગાં-સંબંધીઓનો છે. માતા-પિતાથી જ સગાં-સંબંધીઓની સગાઈ પેદા થાય છે. આથી આધાર તો તે જ છે, પછી જે વ્યક્તિ તેમની સાથે જેટલો નજીકનો સંબંધ ધરાવે છે તેનો હક પણ એટલો જ વધી જાય છે. સગાં-સંબંધીઓ સાથે સારો વ્યવહાર 'સિલા-રહમી' (લોહીના સંબંધોને જોડી રાખવા અને પ્રેમ કરવો) છે. કુર્આને તેની મોટી તાકીદ કરી છે. એક સ્થાને અલ્લાહના પ્રિયજનોની વિશેષતાઓ આ પ્રકારે વ્યક્ત કરવામાં આવી છેઃ **"તેમનું વર્તન એ હોય છે કે અલ્લાહે જે-જે સંબંધો જાળવી રાખવાનો હુકમ આપ્યો છે, તેને જાળવી રાખે છે, પોતાના રબથી ડરે છે અને એ વાતનો ડર રાખે છે કે ક્યાંક તેમના પાસેથી ખરાબ રીતે હિસાબ લેવામાં ન આવે."** (કુર્આન, ૧૩ઃ૨૧)

સગાં-સંબંધીઓ સાથે સારા વ્યવહારથી પૂરું સામાજિક જીવન આનંદમય બની જાય છે. જ્યાં આ ખૂબી ન હોય ત્યાં સામાજિકતામાં બગાડ આવી જાય છે. આ જ કારણોસર સગાં-સંબંધીઓ સાથે સારા વ્યવહારનું મોટું મહત્ત્વ જણાવવામાં આવ્યું છે. આ એક વાસ્તવિકતા છે કે માણસ પોતાના સગાં-સંબંધીઓથી સ્વાભાવિક રીતે નિકટતા મહેસૂસ કરે છે. આની સાથે આ પણ એક હકીકત છે કે કેટલાક સંબંધોમાં મોટી કોમળતા જોવા મળે છે. સામાન્ય ઘટનાઓથી વૈમનસ્ય પેદા થઈ જાય છે અને સંબંધો બગડવા લાગે છે. હદીસમાં કહેવામાં આવ્યું છે કે આ સંબંધોને બગડવા ન દેવામાં આવે અને તેમને કાયમ રાખવાનો દરેક સંભવ પ્રયત્ન કરવામાં આવે. સારો વ્યવહાર તેનું એક બહેતર તરીકો છે.

માતા-પિતા અને સગાં-સંબંધીઓનો હક સૌથી ઉપર છે. તેમની સાથે સારા વ્યવહારનો આદેશ આપ્યા પછી સમાજના અન્ય જરૂરિયાતમંદો, લાચાર અને નબળા લોકો સાથે સદ્‌વ્યવહારનો આદેશ આપવામાં આવ્યો છે. આ વિષયમાં સૌથી પહેલાં અનાથો અને જરૂરિયાતમંદોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે સમાજના સૌથી નબળા વર્ગ હોય છે. કુર્આનમાં છેઃ **"... અનાથો અને જરુરતમંદ લોકો સાથે સદ્‌વર્તન દાખવો.."** (કુર્આન, ૪ઃ૩૬)

કુર્આન અને હદીસમાં અનાથોના પાલન-પોષણ, દેખભાળ, શિક્ષણ-દીક્ષા, તેમની સંપત્તિની રક્ષા અને તેમના અધિકારોની પૂર્તિ પર વારંવાર ભાર મૂકવામાં આવ્યો છે. અનાથ પોતાની નબળાઈ અને નાસમજીને કારણે પોતાના કાયદેસર અધિકારોની પણ રક્ષા કરી શકતો નથી. તેના અધિકારોને છીનવી લેવા દરેક માટે સહેલું હોય છે. કુર્આને એવા લોકોને કઠોર દંડની ધમકી આપી છેઃ **"જે લોકો અન્યાયપૂર્વક અનાથોનો માલ ખાય છે, હકીકતમાં તેઓ પોતાના પેટ આગથી ભરે છે, અને તેઓ ચોક્કસ જહન્નમ (નર્ક)ની ભડકે બળતી**

"આગમાં ઝોકવામાં આવશે." (કુર્આન,૪:૧૦)

અનાથો સાથે જરૂરિયાતમંદોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જરૂરિયાતમંદથી અભિપ્રાય સમાજના તે લોકો છે જે શારીરિક અસમર્થતા અને આર્થિક પરેશાનીઓના કારણે પોતાની મૂળભૂત આવશ્યકતા પૂરી કરવામાં અસમર્થ છે. કુર્આન અને હદીસમાં દરિદ્રો અને જરૂરિયાતમંદો સાથે સારા વ્યવહાર અને તેમના નૈતિક તથા કાયદાકીય અધિકારોનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક સ્થાને આદેશ છેઃ **"તો (હે ઈમાનવાળા!) રિશ્તેદારને તેનો હક્ક આપ અને ગરીબ અને મુસાફરને (તેનો હક્ક). આ પદ્ધતિ વધુ સારી છે તે લોકો માટે જેઓ અલ્લાહની પ્રસન્નતા ઈચ્છતા હોય, અને તેઓ જ સફળતા પામવાના છે."** (કુર્આન, ૩૦:૩૮)

માણસ જે લોકો વચ્ચે રહે છે અને જે તેના પાડોશી છે અને જે તેના પાડોશી છે અને જેમની પાસેથી તે પોતાના સામાજિક અને આર્થિક જીવનમાં અલગ-અલગ રહી શકતો નથી, તેમના અધિકાર સ્પષ્ટ છે કે તે લોકોથી વધુ છે જેમની સાથે તેનો આ પ્રકારનો સંબંધ હોતો નથી. અહીં પાડોશીઓના ત્રણ પ્રકાર જણાવવામાં આવ્યા છે. એક તે જે પાડોશી હોવાની સાથે સગાં-સંબંધી પણ છે, બીજો તે જે ફક્ત પાડોશી છે અને ત્રીજો તે જેનો સંયોગથી કે ક્યારેક-ક્યારેક સાથ થઈ જાય છે જેમ કે યાત્રામાં, કાર્યાલયમાં, સ્કૂલ અને કૉલેજમાં, કારખાના અને ફેક્ટરીમાં, વેપાર અને કારોબારમાં. જે લોકો સાથે આ પ્રકારનો સાથ હોય તે પણ એક પ્રકારના 'પાડોશી' છે.

પાડોશીઓ સાથે સારા વ્યવહારનું મહત્ત્વ સંસારના તમામ ધર્મોએ જણાવ્યું છે. પરંતુ ઈસ્લામે પાડોશીઓ સાથે સદ્‌વ્યવહારની જ શિક્ષા નથી આપી, બલ્કે પાડોશી હોવાનો એટલો વ્યાપક વિચાર આપ્યો કે સંસારમાં તેનું કોઈ ઉદાહરણ મળતું નથી. તેણે કહ્યું કે માણસની સાથે કોઈ પણ પ્રકારનો થોડીક-વધારે વાર માટે પણ સાથ થઈ જાય તો તેનો હક કાયમ થઈ જાય છે. જો આ સંપર્ક સ્થાયી હોય તો તેનો હક પણ ઘણો વધુ વધી જાય છે. કુર્આન કહે છેઃ **"પાડોશી સગા સાથે, અજાણ્યા પાડોશી સાથે, સાથે બેસનારા સંગાથીઓ સાથે ભલાઈનું વર્તન દાખવો."** (કુર્આન, ૪:૩૬)

આના પછી યાત્રીઓ (મુસાફરો)નો ઉલ્લેખ છે. અપરિચિતો અને યાત્રીઓની સેવાને સદા જ પુણ્ય અને સવાબનું કામ સમજવામાં આવ્યું છે. કારોબાર તથા અન્ય આવશ્યકતાઓ માટે ભાગ-દોડમાં કષ્ટોનો સામનો કરવો વગેરે એક સામાન્ય વાત છે. જો યાત્રા વિદેશની હોય તો વ્યક્તિ આંતરરાષ્ટ્રીય નિયમો હેઠળ કેટલાક અન્ય પ્રકારની પરેશાનીઓમાં ઘેરાઈ શકે છે. આ પાસાથી જોવામાં આવે તો આજના યુગમાં યાત્રાની સમસ્યાઓ પહેલાંથી વધુ વિસ્તૃત અને જટિલ થઈ ગઈ છે. ઈસ્લામ પૂરા સમાજની આ જવાબદારી ઠેરવે છે કે તે આવા તમામ અવસરો પર યાત્રી સાથે સારામાં-સારો વ્યવહાર કરે, જેથી તે પોતાને અપરિચિત મહેસૂસ ન કરે અને જે ઉદ્દેશ્ય માટે તેણે પોતાનું ઘર-બાર અને વતન છોડ્યું હતું તે યાત્રાના કષ્ટોને કારણે પૂરો થવાથી ન રહી જાય.

એક વાત નોટ કરવા જેવી એ છે કે અહીં માતા-પિતા, સગાં-સંબંધીઓ, દરિદ્રો, જરૂરિયાતમંદો અને સમાજના અન્ય નબળી વ્યક્તિઓ તથા વર્ગો સાથે સારામાં-સારો અને ઉત્તમમાં-ઉત્તમ વ્યવહાર કરાવ્યું શિક્ષણ આપવામાં આવી છે.

ઈસ્લામે આ બધાના અધિકાર નક્કી કર્યા અને કાયદાકીય સુરક્ષા પ્રદાન કરી, જેથી કોઈ વ્યક્તિ કોઈ નબળા પર અત્યાચાર ન કરી શકે અને કોઈ હકદાર પોતાના અધિકાર મેળવવાથી વંચિત ન રહે. •••

Reg.No. A-7183

Google Reviews 4.8 ★★★★★ Top Rated Dental Clinic

Dr. Saba Baloch B.D.S. (Dental Surgeon)

Dr. Saba Dental Clinic
Multi Speciality Family Dental Care

:: Our Specialties ::
Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring |Cosmetic Gum Surgery | Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge |Prosthesis Tooth Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration

:: Facilities ::
Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator | Wave one rotary system | Imported Dental Chair

Timings : Morning 10:30am-2pm | Evening 4pm-8pm
Available on Emergency Trauma Cases +91 99983 60503
Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55
Email: drsabadentalclinic@gmail.com | Website: www.sabadentalclinic.com

વીડિયો એડિટિંગ: બેહિસાબ અવસરોવાળું ક્ષેત્ર



કેરિયર

✍ સંપાદક મંડળ

કોઈ પણ ફિલ્મ, વૃત્તચિત્ર (ડોક્યુમેન્ટરી), સમાચારનો રિપોર્ટ અથવા ઈન્ટરવ્યૂના શૂટિંગ પછી સૌથી મહત્ત્વપૂર્ણ અને રચનાત્મક કાર્ય હોય છે વીડિયો એડિટિંગ. આ ફક્ત કેમેરાથી શૂટ કરવામાં આવેલી ફૂટેજને જોડવાનું કે કાપવાનું કામ નથી, બલ્કે એક કલા છે, જેમાં ટેક્નોલોજી, કલ્પનાશીલતા અને વાર્તા કહેવાની ક્ષમતાનો સમન્વય હોય છે. વીડિયો એડિટરનું કામ એવું છે જે કોઈ અધૂરી ફૂટેજને જીવંત બનાવી દે છે અને દર્શકો સામે એક પ્રભાવશાળી પ્રસ્તુતિ રજૂ કરે છે. આ જ કારણ છે કે આજે દરેક ફિલ્મ પ્રોડક્શન હાઉસ, ટીવી ચેનલ, સમાચાર સંસ્થાન, યુટ્યુબ ચેનલ અને ઓનલાઈન મીડિયા પ્લેટફોર્મ પર વીડિયો એડિટર્સની ભારે માગ છે.

શું છે વીડિયો એડિટિંગ?

વીડિયો એડિટિંગનો અર્થ ફક્ત શૉટ્સને કાપીને જોડવાનો નથી, પરંતુ આ વાર્તાની આત્માને આકાર આપવાની પ્રક્રિયા છે. એડિટિંગ દ્વારા એ નક્કી કરવામાં આવે છે કે કયો દૃશ્ય કયા ક્રમમાં આવશે, કયા ફ્રેમ પર કયો સાઉન્ડ કે મ્યૂઝિક જોડવામાં આવશે અને કઈ જગ્યાએ વિઝ્યુઅલ ઈફેક્ટ્સ લગાવવામાં આવશે. આધુનિક ટેક્નોલોજી આવ્યા પછી આ કામ સંપૂર્ણપણે કમ્પ્યુટર આધારિત થઈ ગયું છે. જો તમારી પાસે વિઝ્યુઅલ્સને તરત સમજવાની અને તેનું મૂલ્યાંકન કરવાની ક્ષમતા છે, તો આ ક્ષેત્ર તમારા માટે અત્યંત યોગ્ય હોઈ શકે છે. આજે દરેક ફિલ્મ અને ટીવી પ્રોગ્રામની કલ્પના વીડિયો એડિટર વિના અધૂરી છે. એક અનુમાન છે કે આવનારા સમયમાં ફક્ત ભારતમાં જ એક લાખથી વધુ પ્રશિક્ષિત વીડિયો એડિટર્સની જરૂર પડશે.

વીડિયો એડિટિંગનું મહત્ત્વ

કલ્પના કરો કે કોઈ ફિલ્મમાં ઉત્તમ કલાકાર, શાનદાર લોકેશન અને ઉત્કૃષ્ટ વાર્તા હોય, પરંતુ જો એડિટિંગ નબળી છે તો આખી ફિલ્મ વેર-વિખેર લાગશે. બીજી તરફ, સામાન્ય ફૂટેજ પણ એક કુશળ એડિટરના હાથમાં નવો પ્રાણ મેળવી શકે છે. આ જ કારણ છે કે એડિટિંગને ફિલ્મ અને મીડિયા પ્રોડક્શનની કરોડરજ્જુ કહેવામાં આવે છે. આજકાલ યુટ્યુબ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને ઓટીટી પ્લેટફોર્મ પર સામગ્રીનું પૂર આવ્યું છે. દરેક જગ્યાએ તે જ કન્ટેન્ટ સફળ થાય છે જેનું એડિટિંગ આકર્ષક હોય. તેથી એ કહેવું ખોટું નહીં હોય કે ડિજિટલ યુગમાં વીડિયો એડિટિંગ કોઈ પણ રચનાત્મક કન્ટેન્ટની સફળતાની ગેરંટી છે.

વીડિયો એડિટિંગ હેઠળ શું-શું આવે છે?

વીડિયો એડિટિંગ ફક્ત કટિંગ અને જોઈનિંગ સુધી સીમિત નથી. તેમાં ઘણા તકનીકી અને રચનાત્મક કાર્યો સામેલ હોય છે, જેમ કે:

- ફૂટેજનું કેપ્ચરિંગ અને ઑર્ગેનાઈઝેશન (વ્યવસ્થાપન)
- શૉટ્સનો યોગ્ય ક્રમ નક્કી કરવો
- સાઉન્ડ એડિટિંગ અને બેકગ્રાઉન્ડ મ્યૂઝિકની પસંદગી
- વિઝ્યુઅલ ઈફેક્ટ્સ અને ગ્રાફિક્સનો ઉપયોગ
- કલર કરેક્શન અને કલર ગ્રેડિંગ
- સબટાઈટલ અને ટાઈટલ્સનું જોડવું
- અંતિમ રૂપથી માસ્ટર કૉપી તૈયાર કરવી

આ તમામ પ્રક્રિયાઓમાં ઊંડી તકનીકી સમજ અને કલાત્મક દૃષ્ટિકોણ બંનેની આવશ્યકતા હોય છે.

મુખ્ય કોર્સ

વીડિયો એડિટિંગ શીખવા માટે ઘણા પ્રકારના કોર્સ ઉપલબ્ધ છે. તેમાં સામેલ છે:

- સર્ટિફિકેટ કોર્સ ઇન વીડિયો એડિટિંગ
- ડિપ્લોમા ઇન ફિલ્મ એડિટિંગ
- ડિપ્લોમા ઇન વીડિયો એડિટિંગ એન્ડ સાઉન્ડ રેકોર્ડિંગ
- ડિપ્લોમા ઇન પોસ્ટ-પ્રોડક્શન વીડિયો એડિટિંગ
- એડવાન્સ્ડ સ્પેશિયલાઇઝ્ડ કોર્સિસ (જેમ કે VFX, 3D એડિટિંગ વગેરે)

આનો સમયગાળો ત્રણ મહિનાથી લઈને બે વર્ષ સુધીનો હોઈ શકે છે. ઘણી ખાનગી અને સરકારી સંસ્થાઓ, ફિલ્મ સ્કૂલ અને મીડિયા યુનિવર્સિટીઝ આ કોર્સ કરાવે છે. સાથે જ, ઓનલાઈન પ્લેટફોર્મ જેમ કે Coursera, Udemy, Skillshare અને YouTube પર પણ શોર્ટ-ટર્મ અને સસ્તા કોર્સ ઉપલબ્ધ છે.

શૈક્ષણિક યોગ્યતા

- સામાન્ય સર્ટિફિકેટ કોર્સમાં ૧૨મું પાસ વિદ્યાર્થી પણ પ્રવેશ લઈ શકે છે.
- ડિપ્લોમા અને ડિગ્રી કોર્સ માટે કોઈ પણ વિષયમાં સ્નાતક (Graduate) હોવું જરૂરી છે.
- જો તમે કોઈ મોટી ચેનલ કે જાણીતા પ્રોડક્શન હાઉસમાં કામ કરવા માગો છો, તો ગ્રેજ્યુએશન અને કોઈ માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી ટ્રેનિંગ આવશ્યક છે.

વ્યક્તિગત યોગ્યતા

તકનીકી જ્ઞાનની સાથે-સાથે એક સારા વીડિયો એડિટરમાં કેટલાક વ્યક્તિગત ગુણ હોવા પણ જરૂરી છે:

- **કલ્પનાશીલતા (Creativity):** દરેક સીનમાં નવું અને અસર લાવવાની ક્ષમતા.
- **ધૈર્ય (Patience):** લાંબા સમય સુધી સતત કામ કરવાની અને ડિટેલ્સ પર ધ્યાન આપવાની આદત.
- **સોફ્ટવેર સ્કિલ્સ:** Adobe Premiere Pro, Final Cut Pro, DaVinci Resolve, Avid Media Composer જેવા ટૂલ્સની જાણકારી.
- **ટીમ વર્ક:** ડાયરેક્ટર, કેમેરામેન અને સાઉન્ડ એન્જિનિયર સાથે તાલમેલ.
- **સમય વ્યવસ્થાપન (Time Management):** નિર્ધારિત સમયમાં પ્રોજેક્ટ પૂરો કરવો.

અવસર અને સંભાવનાઓ

વીડિયો એડિટર્સની માગ લગભગ દરેક જગ્યાએ છે. કેટલાક મુખ્ય અવસર આ પ્રકારે છે:

- **ન્યૂઝ ચેનલ:** ટીવી રિપોર્ટ, ડોક્યુમેન્ટરી અને ન્યૂઝ પેકેજ તૈયાર કરવા.
- **એન્ટરટેઈનમેન્ટ ચેનલ:** ધારાવાહિક, રિયલિટી શો અને મ્યૂઝિક વીડિયોઝનું એડિટિંગ.
- **ફિલ્મ ઈન્ડસ્ટ્રી:** ફિલ્મોનું પોસ્ટ-પ્રોડક્શન એડિટિંગ.
- **જાહેરાત એજન્સી:** જાહેરાત અને પ્રમોશનલ વીડિયો એડિટ કરવા.
- **યુટ્યુબ અને ઓનલાઈન મીડિયા:** કન્ટેન્ટ ક્રિએટર્સ અને ડિજિટલ માર્કેટિંગ કંપનીઓમાં કામ.
- **ફ્રીલાન્સિંગ:** ઘરે બેઠા પ્રોજેક્ટ્સ લઈને સારી કમાણી.

આજકાલ યુટ્યુબ ચેનલ કે શોર્ટ વીડિયો પ્લેટફોર્મ પર પોતાનો કન્ટેન્ટ બનાવીને પણ તમે સ્વતંત્ર કેરિયર બનાવી શકો છો. ઘણા યુવા વીડિયો એડિટર્સે આ રસ્તેથી લાખોની કમાણી શરૂ કરી દીધી છે.

ટેક્નોલોજી અને ભવિષ્ય

આજકાલ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગે વીડિયો એડિટિંગને વધુ સરળ અને રચનાત્મક બનાવી દીધું છે. AI આધારિત સોફ્ટવેર ઓટોમેટિક એડિટિંગ, કલર ગ્રેડિંગ અને સાઉન્ડ મિક્સિંગ સુધી કરી શકે છે. જોકે, કલ્પનાશીલતા અને માનવીય દૃષ્ટિકોણનું સ્થાન કોઈ ટેક્નોલોજી લઈ શકતી નથી.

ભવિષ્યમાં વીડિયો કન્ટેન્ટનો વપરાશ વધુ વધશે. ઓટીટી પ્લેટફોર્મ, ઓનલાઈન શિક્ષણ, ડિજિટલ માર્કેટિંગ અને સોશિયલ મીડિયાના વિસ્તારને કારણે વીડિયો એડિટર્સની માગ અનેક ગણી વધવાની છે.

વીડિયો એડિટિંગ માત્ર એક તકનીકી કામ નહીં, બલ્કે એક રચનાત્મક યાત્રા છે. આ તે ક્ષેત્ર છે જ્યાં કલ્પના અને ટેક્નોલોજી મળીને દર્શકોને પ્રભાવિત કરવાની તાકાત રાખે છે. જો તમારી પાસે વિઝ્યુઅલ્સને સમજવાની દૃષ્ટિ અને વાર્તાઓને જીવંત બનાવવાનો જુસ્સો છે, તો આ ક્ષેત્ર તમારા માટે સુવર્ણ અવસરોથી ભરેલું છે.

ભલે તમે કોઈ ચેનલમાં નોકરી કરવા માગો, કોઈ ફિલ્મ પ્રોજેક્ટ સાથે જોડાવા માગો કે પછી પોતાની ડિજિટલ ચેનલ શરૂ કરવા માગો – વીડિયો એડિટિંગ દરેક જગ્યાએ તમારા કરિયરને નવી ઊંચાઈ આપી શકે છે.

•••

વાર્તા

મુનશી પ્રેમચંદ

કર્મોનું ફળ



મને હંમેશાં માણસોને પારખવાનો એક પ્રકારનો લગાવ રહ્યો છે અને અનુભવના આધારે કહી શકું છું કે આ અધ્યયન જેટલું મનોરંજક અને શિક્ષાપ્રદ છે, તેટલું કદાચ બીજું કોઈ અધ્યયન નહીં હોય. પરંતુ મારા મિત્ર લાલા સાંઈ દયાલ સાથે લાંબા સમય સુધી દોસ્તી અને નિખાલસતાના સંબંધો રહ્યા હોવા છતાં મને તેમનો તાગ ન મળ્યો. મને એવા દુર્બળ શરીરમાં જ્ઞાનીઓ જેવી શાંતિ અને સંતોષ જોઈને આશ્ચર્ય થતું હતું, જે એક નાજુક છોડની જેમ મુસીબતોના ઝોકાવટમાં પણ અચલ અને અડગ રહેતો હતો. જો કે તે ખૂબ જ સામાન્ય સ્તરનો માણસ હતો, જેમાં માનવીય નબળાઈઓની કમી ન'હોતી. તે વાયદાઓ ઘણા કરતો, પણ તેને પૂરા કરવાની જરૂર ન'હોતો સમજતો. તે ખોટો બોલનારો ન હોય, પણ સાચો પણ ન'હોતો. બેમુરવ્વત (લાગણી વગરનો) ન હોય, પણ તેની મુરવ્વત છુપાયેલી રહેતી હતી. તેને પોતાના કર્તવ્ય પર પાબંદ રાખવા માટે દબાણ અને દેખરેખની જરૂર હતી, કરકસરના સિદ્ધાંતોથી બેખબર, મહેનતથી જીવ ચોરનારો, સિદ્ધાંતોનો નબળો, એક ઢીલો-ઢાલો સામાન્ય માણસ હતો. પરંતુ જયારે કોઈ મુસીબત માથે આવી પડતી તો તેના દિલમાં સાહસ અને દઢતાની એવી જબરદસ્ત તાકાત પેદા થઈ જતી હતી, જેને શહીદોનો ગુણ કહી શકાય છે. તેની પાસે ન તો ધન-દોલત હતી, ન તો ધાર્મિક વિશ્વાસ, જે ઈશ્વર પર ભરોસો કરવા અને તેની ઈચ્છાઓ સામે માથું ઝુકાવી દેવાનો સ્રોત છે. એક નાનકડી કપડાંની દુકાન સિવાય કોઈ આજીવિકા ન'હોતી. આવી હાલતોમાં તેની હિંમત અને દઢતાનો સ્રોત ક્યાં છુપાયેલો છે, ત્યાં સુધી મારી શોધખોળની દૃષ્ટિ પહોંચતી ન'હોતી.

પિતાના મૃત્યુ થતાં જ મુસીબતોએ તેના પર હુમલો કર્યો. કંઈક થોડુંક દેવું વારસામાં મળ્યું, જેમાં સતત વધતા રહેવાની આશ્ચર્યજનક શક્તિ છુપાયેલી હતી. બિચારાએ હજી વાર્ષિક શ્રાદ્ધમાંથી છુટકારો ન'હોતો મેળવ્યો કે મહાજને દાવો માંડ્યો અને અદાલતના જાદુઈ મેદાનમાં પહોંચતાં જ આ નાનકડું અસ્તિત્વ એ રીતે ફૂલ્યું, જે રીતે મશક ફૂલે છે. ડિક્રી થઈ. જે કંઈ જમા-પૂંજી હતી, તેના ઊંડા પેટમાં સમાઈ ગઈ; વાસણ-કૂસણ, હાંડી-તવા, બધું ગયું. મકાન પણ ન બચ્યું. સાંઈ દયાલનું હવે ક્યાંય ઠેકાણું ન'હોતું. કોડી-કોડી માટે બિચારો મુસીબતોના માર્યો મોહતાજ, ન ક્યાંય ઘર, ન બાર. કેટલાય દિવસ ફાકા (ભૂખ્યા રહ્યા)થી પસાર થઈ જતા. પોતાની તો ખેર તેમને જરાય ફિકર ન'હોતી, પણ પત્ની હતી, બે-ત્રણ બાળકો હતા, તેમના માટે તો કોઈક ફિકર કરવી પડતી હતી.

પરિવારનો સાથ અને આ બેસરોસામાની (વસ્તુઓ વિનાની હાલત), એક મોટો દર્દનાક દશ્ય હતો. શહેરની બહાર એક ઝાડની છાયામાં આ માણસ પોતાના મુસીબતના દિવસો કાપી રહ્યો હતો. આખો દિવસ બજારોની ખાક (ધૂળ) છાણતો. આહ, મેં એકવાર તેને રેલવે સ્ટેશન પર જોયો. તેના માથે એક ભારે બોજ હતો. તેનું નાજુક, સુખ-સુવિધામાં ઉછરેલું શરીર, પરસેવાથી લથબથ થઈ રહ્યું હતું. પગ મુશ્કેલીથી ઊંચકાતા હતા. શ્વાસ ફૂલી રહ્યો હતો, પણ ચહેરા પરથી મર્દાના

હિંમત અને મજબૂત ઇરાદાની રોશની ટપકતી હતી. ચહેરા પર પૂર્ણ સંતોષ ઝલકતો હતો. તેના ચહેરા પર એવો ઇત્મિનાન હતો કે જાણે આ જ તેનો બાપ-દાદાનો વ્યવસાય હોય. હું હેરાન થઈને તેનું મોં તાકતો રહી ગયો. દુઃખમાં હમદર્દી બતાવવાની હિંમત ન થઈ. ઘણા મહિનાઓ સુધી આ જ કૈફિયત રહી. આખરે તેની હિંમત અને સહનશક્તિ તેને આ મુશ્કેલ દુર્ગમ ઘાટીમાંથી બહાર લઈ આવી.

થોડા જ દિવસો પછી મુસીબતોએ ફરી તેના પર હુમલો કર્યો. ઈશ્વર આવો દિવસ દુશ્મનને પણ ન બતાવે. હું એક મહિના માટે મુંબઈ ગયો હતો, ત્યાંથી પાછો આવીને તેને મળવા ગયો. આહ, તે દૃશ્ય યાદ કરીને આજે પણ રૂંવાડાં ઊભાં થઈ જાય છે, અને દિલ ડરથી કાંપી ઊઠે છે. સવારનો સમય હતો. મેં દરવાજા પર અવાજ દીધો અને હંમેશાંની જેમ નિખાલસતાથી અંદર ચાલ્યો ગયો, પણ ત્યાં સાંઈ દયાલનો તે હસમુખો ચહેરો, જેના પર મર્દાના હિંમતની તાજગી ઝલકતી રહેતી હતી, નજર ન આવ્યો. હું એક મહિના પછી તેના ઘરે જાઉં અને તે આંખોથી રડતાં, પણ હોઠોથી હસતાં દોડીને મારા ગળે વળગી ન પડે! જરૂર કોઈ આફત છે. તેની પત્ની માથું ઝુકાવીને આવી અને મને તેના રૂમમાં લઈ ગઈ. મારું દિલ બેસી ગયું. સાંઈ દયાલ એક ખાટલા પર મેલા-કચૈલા કપડાં લપેટીને, આંખો બંધ કરીને, દર્દથી કણસી રહ્યો હતો. શરીર અને પથારી પર માખીઓના ઝુંડ બેઠેલા હતા. પગલાંનો અવાજ સાંભળતાં જ તેણે મારી તરફ જોયું. મારા જિગરના ટુકડા થઈ ગયા. હાડકાંનું માળખું માત્ર રહી ગયો હતો. દુર્બળતાની આનાથી વધુ સાચી અને કરુણ તસવીર ન હોઈ શકે. તેની પત્નીએ મારી તરફ નિરાશાભરી આંખોથી જોયું. મારી આંખોમાં આંસુ ભરાઈ આવ્યા. તે સંકોચાયેલા માળખામાં બીમારીને પણ મુશ્કેલીથી જગ્યા મળતી હશે, જિંદગીની તો વાત જ શું! આખરે મેં ધીમેથી પોકાર્યું. અવાજ સાંભળતાં જ તે મોટી-મોટી આંખો ખૂલી ગઈ, પણ તેમાં પીડા અને શોકના આંસુ ન'હોતા, સંતોષ અને ઈશ્વર પર ભરોસાની રોશની હતી અને તે પીળો ચહેરો! આહ, તે ગંભીર સંતોષનું મૌન ચિત્ર, તે સંતોષમય સંકલ્પની સજીવ સ્મૃતિ. તેના પીળાશમાં મર્દાના હિંમતની લાલી ઝલકતી હતી. હું તેનું મુખ જોઈને ગભરાઈ ગયો. શું આ બુઝાતા દીવાની છેલ્લી ઝલક તો નથી ને?

મેં સપનામાં પણ નહોતું વિચાર્યું કે સાંઈ દયાલ પોતાના વિશ્વાસોમાં આટલો દૃઢ છે. પાપ દરેક માણસથી થાય છે, આપણું માનવ-જીવન પાપોની એક લાંબી સૂચિ છે, તે કયો દામન છે જેના પર આ કાળા ડાઘ ન હોય. પણ કેટલા એવા માણસો છે જે પોતાના કર્મોની સજાઓને આ રીતે ઉદારતાપૂર્વક મુસ્કુરાતા સહન કરવા માટે તૈયાર હોય. આપણે આગમાં કૂદીએ છીએ, પણ બળવા માટે તૈયાર નથી થતા.

મારી ગભરાયેલી સૂરત જોઈને તે હસ્યો અને ખૂબ ધીમા અવાજમાં બોલ્યો- ''તમે આટલા ઉદાસ કેમ છો, આ બધું મારા કર્મોનું ફળ છે.''

મગર કંઈક અજબ બદકિસ્મત માણસ હતો. મુસીબતોને તેનાથી કંઈક ખાસ મોહબ્બત હતી. કોને આશા હતી કે તે તે પ્રાણઘાતક રોગમાંથી મુક્તિ મેળવશે. ડોક્ટરોએ પણ જવાબ આપી દીધો હતો. મોતનાં મોઢામાંથી બહાર નીકળી આવ્યો. જો ભવિષ્યનું જરા પણ જ્ઞાન હોત તો સૌથી પહેલાં હું તેને ઝેર આપી દેત. આહ, તે શોકપૂર્ણ ઘટનાને યાદ કરીને કાળજું મોંમાં આવી જાય છે. ધિક્કાર છે આ જિંદગી પર કે પિતા પોતાની આંખોથી પોતાના એકના એક દીકરાનો શોક જુએ.

કેવો હસમુખો, કેવો ખૂબસૂરત, હોનહાર છોકરો હતો, કેવો સુશીલ, કેવો મધુરભાષી, જાલિમ મોત તેને છાંટી લીધો. પ્લેગની દુહાઈ મચી હતી. સાંજે ગાંઠ નીકળી અને સવારે કેવી મનહૂસ, અશુભ સવાર હતી — તે જિંદગી સવારના દીવાંની જેમ બુઝાઈ ગઈ. હું તે વખતે તે બાળકની પાસે બેઠો હતો અને સાંઈ દયાલ દીવાલનો સહારો લઈને ખામોશ આકાશ તરફ જોતો હતો. મારી અને તેની આંખોની સામે જાલિમ અને બેરહમ મોતે તે બાળકને આપણા ખોળામાંથી છીનવી લીધો. હું રડતાં સાંઈ દયાલના ગળે વળગી પડ્યો. આખા ઘરમાં કોહરામ મચ્યો હતો. બિચારી મા પછાડાં ખાઈ રહી હતી, બહેનો દોડી-દોડીને ભાઈની લાશને વળગતી હતી. અને જરાવાર માટે ઈર્ષ્યાએ પણ સંવેદનાની આગળ માથું ઝુકાવી દીધું હતું, મહોલ્લાની સ્ત્રીઓને આંસુ વહાવવા માટે દિલ પર જોર દેવાની જરૂર ન હોતી.

જ્યારે મારા આંસુ થમ્યા તો મેં સાંઈ દયાલ તરફ જોયું. આંખોમાં તો આંસુ ભરેલા હતા — આહ, સંતોષનો આંખો પર કોઈ વશ નહીં, પણ ચહેરા પર મર્દાના દૃઢતા અને સમર્પણનો રંગ સ્પષ્ટ હતો. આ દુઃખના પૂર અને તોફાનોમાં પણ શાંતિની નૌકા તેના

દિલને ડૂબવાથી બચાવી રહી હતી.

આ દૃશ્યે મને ચકિત નહીં, સ્તબ્ધ કરી દીધો. સંભાવનાઓની સીમાઓ ગમે તેટલી વ્યાપક હોય, આવી હૃદય-દ્રાવક સ્થિતિમાં હોશ-હવાસ અને ઈત્મિનાનને કાયમ રાખવું તે સીમાઓથી પરે છે. પરંતુ આ દૃષ્ટિએ સાંઈ દયાલ માનવ નહીં, અતિ-માનવ હતો. મેં રડતાં રડતાં કહ્યું, “ભાઈસાબ, હવે સંતોષની પરીક્ષાનો અવસર છે.”

તેણે દૃઢતાથી ઉત્તર આપ્યો, “હા, આ કર્મોનું ફળ છે.” હું એકવાર ફરી હેરાન થઈને તેનું મોં તાકવા લાગ્યો.

પણ સાંઈ દયાલનું આ તપસ્વીઓ જેવું ધૈર્ય અને ઈશ્વરેચ્છા પર ભરોસો પોતાની આંખોથી જોવા છતાં મારા દિલમાં સંદેહ બાકી હતા. શક્ય છે, જ્યાં સુધી ચોટ તાજી છે, ત્યાં સુધી ધીરજનો બંધ કાયમ રહે. પરંતુ તેની બુનિયાદો હલી ગઈ છે, તેમાં તિરાડો પડી ગઈ છે. તે હવે વધુ સમય સુધી દુઃખ અને શોકની નજરોનો મુકાબલો કરી શકતો નથી.

શું સંસારની કોઈ દુર્ઘટના એટલી હૃદયદ્રાવક, એટલી નિર્મમ, એટલી કઠોર હોઈ શકે? સંતોષ અને દૃઢતા અને ધૈર્ય અને ઈશ્વર પર ભરોસો આ બધું તે આંધીની સામે ઘાસ-કચરાથી વધુ નથી. ધાર્મિક વિશ્વાસ તો શું, અધ્યાત્મ સુધી તેની સામે માથું ઝુકાવી દે છે. તેના ઝોકાં આસ્થા અને નિષ્ઠાના મૂળ હલાવી દે છે.

પણ મારું અનુમાન ખોટું નીકળ્યું. સાંઈ દયાલે ધીરજને હાથમાંથી ન જવા દીધી. તે યથાવત જિંદગીના કામોમાં લાગી ગયો. દોસ્તોની મુલાકાતો અને નદીના કિનારાની સેર અને મનોરંજન અને મેળાની ચહલ-પહલ, આ દિલચસ્પીઓમાં તેના દિલને ખેંચવાની તાકાત હજી પણ બાકી હતી. હું તેની એક-એક ક્રિયાને, એક-એક વાતને ધ્યાનથી જોતો અને વાંચતો. મેં દોસ્તીના નિયમ-કાયદાઓને ભૂલીને તેને તે હાલતમાં જોયો જ્યાં તેના વિચારો સિવાય બીજું કોઈ ન હોતું. પરંતુ તે હાલતમાં પણ તેના ચહેરા પર તે જ પુરુષોચિત ધૈર્ય હતું અને ફરિયાદનો

પુસ્તકોમાં તો દૃઢતા અને સંતોષની ઘણી-બધી વાર્તાઓ વાંચી છે, પણ સાચું માનો કે તમારા જેવા દૃઢ, કઠિનાઈઓમાં સીધા ઊભા રહેનારા માણસ આજ સુધી મારી નજરથી નથી પસાર થયા. તમે જાણો છો કે મને માનવ સ્વભાવના અધ્યયનનો હંમેશાંથી શોખ છે, પણ મારા અનુભવમાં તમે પોતાની રીતના એકલા માણસ છો. હું એ નહીં માનું કે તમારા દિલમાં દર્દ અને લાગણી નથી. તેને મેં મારી આંખોથી જોઈ લીધું છે. તો પછી આ જ્ઞાનીઓ જેવા સંતોષ અને શાંતિનું રહસ્ય તમે ક્યાં છુપાવી રાખ્યું છે? તમને આ સમયે આ રહસ્ય મને કહેવું પડશે.” સાંઈ દયાલ કંઈક વિચારમાં પડી ગયો અને જમીન તરફ જોતાં બોલ્યો- “આ કોઈ રહસ્ય નથી, મારા કર્મોનું ફળ છે.”

એક શબ્દ પણ તેની જબાન પર ન હોતો આવ્યો.

આ દરમિયાન મારી નાનકડી દીકરી ચંદ્રમુખી ન્યુમોનિયાનો ભોગ બની ગઈ. દિવસના ધંધામાંથી નવરો થઈને જ્યારે હું ઘરે આવતો અને તેને પ્રેમથી ખોળામાં ઊંચકી લેતો તો મારા હૃદયને જે આનંદ અને આત્મિક શક્તિ મળતી હતી, તેને શબ્દોમાં વ્યક્ત ન કરી શકું. તેની અદાઓ ફક્ત દિલને લુભાવનારી નહીં, ગમને ભૂલાવનારી હતી. જે વખતે તે ઉમળકાભેર મારા ખોળામાં આવતી તો મને ત્રણેય લોકની સંપત્તિ મળી જતી હતી. તેની શરારતો કેટલી મનમોહક હતી. હવે હુક્કામાં મજા નથી રહી, કોઈ ચિલમને પાડી દેવાવાળું નથી! ખાવામાં મજા નથી આવતી, કોઈ થાળીની પાસે બેસીને તેના પર હુમલો કરવાવાળું નથી! હું તેની લાશને ખોળામાં લઈને ધ્રૂસકે-ધ્રૂસકે રડી રહ્યો હતો. એવું જ મન થતું હતું કે મારી જિંદગીનો ખાત્મો કરી દઉં. અચાનક મેં સાંઈ દયાલને આવતાં જોયો. મેં તરત આંસુ લૂછી નાખ્યા અને તે નાનકડી જાનને જમીન પર સુવાડીને બહાર નીકળી આવ્યો. તે ધૈર્ય અને સંતોષના દેવતાએ મારી તરફ સંવેદનશીલ આંખોથી જોયું અને મારા ગળે વળગીને રડવા લાગ્યો. મેં ક્યારેય તેને આ રીતે ચીસો પાડીને રડતાં ન હોતો જોયો. રડતાં-રડતાં તેને હેડકીઓ બંધાઈ ગઈ, બેચેનીથી બેસુધ અને બેહાલ થઈ ગયો. આ તે જ માણસ છે જેનો એકનો એક દીકરો મરી ગયો અને કપાળે કરચલી ન આવી. આ કાયાપલટ કેમ?

આ શોકપૂર્ણ ઘટનાના કેટલાક દિવસ પછી જ્યારે દુઃખી દિલ સંભાળવા લાગ્યું, એક દિવસ અમે બંને નદીની સેર પર ગયા. સાંજનો સમય હતો. નદી ક્યાંક સોનેરી, ક્યાંક નીલી, ક્યાંક કાળી, કોઈ થાકેલા મુસાફરની જેમ ધીમે-ધીમે વહી રહી હતી. અમે દૂર જઈને એક ટેકરા પર બેસી ગયા, પણ વાતચીત કરવાનું મન ન હોતું થતું. નદીના મૌન પ્રવાહે અમને પણ

પોતાના વિચારોમાં ડુબાડી દીધા. નદીના મોજાં વિચારોના મોજાંને પેદા કરી દે છે. મને એવું લાગ્યું કે પ્યારી ચંદ્રમુખી મોજાંના ખોળામાં બેસીને મુસ્કુરાઈ રહી છે. હું ચોંકી ઊઠ્યો અને મારા આંસુ છુપાવવા માટે નદીમાં મોં ધોવા લાગ્યો. સાંઈ દયાલે કહ્યું- "ભાઈસાબ, દિલને મજબૂત કરો. આ રીતે કુંઠાશો તો જરૂર બીમાર થઈ જશો."

મેં જવાબ આપ્યો- "ઈશ્વરે જેટલો સંયમ તમને આપ્યો છે, તેમાંથી થોડોક મને પણ આપી દો, મારા દિલમાં એટલી તાકાત ક્યાં ?"

સાંઈ દયાલ મુસ્કુરાઈને મારી તરફ તાકવા લાગ્યા.

મેં તે જ સિલસિલામાં કહ્યું- "પુસ્તકોમાં તો દઢતા અને સંતોષની ઘણી-બધી વાર્તાઓ વાંચી છે, પણ સાચું માનો કે તમારા જેવા દઢ, કઠિનાઈઓમાં સીધા ઊભા રહેનારા માણસ આજ સુધી મારી નજરથી નથી પસાર થયા. તમે જાણો છો કે મને માનવ સ્વભાવના અધ્યયનનો હંમેશાંથી શોખ છે, પણ મારા અનુભવમાં તમે પોતાની રીતના એકલા માણસ છો. હું એ નહીં માનું કે તમારા દિલમાં દર્દ અને લાગણી નથી. તેને મેં મારી આંખોથી જોઈ લીધું છે. તો પછી આ જ્ઞાનીઓ જેવા સંતોષ અને શાંતિનું રહસ્ય તમે ક્યાં છુપાવી રાખ્યું છે? તમને આ સમયે આ રહસ્ય મને કહેવું પડશે." સાંઈ દયાલ કંઈક વિચારમાં પડી ગયો અને જમીન તરફ જોતાં બોલ્યો- "આ કોઈ રહસ્ય નથી, મારા કર્મોનું ફળ છે."

આ વાક્ય મેં ચોથી વાર તેની જબાનથી સાંભળ્યું અને બોલ્યો- "જે કર્મોનું ફળ આવું શક્તિદાયક છે, તે કર્મોની મને પણ કંઈક દીક્ષા આપો. હું આવા ફળોથી કેમ વંચિત રહું."

સાંઈ દયાલે વ્યથાપૂર્ણ સ્વરમાં કહ્યું- ×ઈશ્વર ન કરે કે તમે એવું કર્મ કરો અને તમારી જિંદગી પર તેનો કાળો ડાઘ લાગે. મેં જે કંઈ કર્યું છે, તે મને એટલું શરમજનક અને એટલું ઘૃણિત લાગે છે કે તેની મને જે કંઈ સજા મળે, હું તેને ખુશીથી સહન કરવા તૈયાર છું. આહ! મેં એક એવા પવિત્ર ખાનદાનને, જ્યાં મારો વિશ્વાસ અને મારી પ્રતિષ્ઠા હતી, પોતાની વાસનાઓની ગંદકીમાં લથપથ કરી દીધો અને એક એવા પવિત્ર હૃદયને જેમાં મોહબ્બતનું દર્દ હતું, જે સૌંદર્ય-વાટિકાની એક અનોખી-નવી ખીલેલી કળી હતી, અને સચ્ચાઈ હતી, તે પવિત્ર હૃદયમાં મેં પાપ અને વિશ્વાસઘાતનું બીજ હંમેશાં માટે વાવી દીધું. આ પાપ છે જે મારાથી થયું છે અને તેનો પલ્લો તે મુસીબતોથી ઘણો ભારે છે જે મારા પર અત્યાર સુધી પડી છે કે આગળ ચાલીને પડશે. કોઈ સજા, કોઈ દુઃખ, કોઈ ક્ષતિ તેનું પ્રાયશ્ચિત કરી શકતી નથી."

મેં સપનામાં પણ નહોતું વિચાર્યું કે સાંઈ દયાલ પોતાના વિશ્વાસોમાં આટલો દઢ છે. પાપ દરેક માણસથી થાય છે, આપણું માનવ-જીવન પાપોની એક લાંબી સૂચિ છે, તે કયો દામન છે જેના પર આ કાળા ડાઘ ન હોય. પણ કેટલા એવા માણસો છે જે પોતાના કર્મોની સજાઓને આ રીતે ઉદારતાપૂર્વક મુસ્કુરાતા સહન કરવા માટે તૈયાર હોય. આપણે આગમાં કૂદીએ છીએ, પણ બળવા માટે તૈયાર નથી થતા.

હું સાંઈ દયાલને હંમેશાં ઇઝ્ઝતની નજરથી જોઉં છું, આ વાતોને સાંભળીને મારી નજરોમાં તેની ઇઝ્ઝત ત્રણ ગણી વધી ગઈ. એક સામાન્ય દુનિયાદાર માણસના હૃદયમાં એક ફકીરનું દિલ છુપાયેલું હતું જેમાં જ્ઞાનની જ્યોતિ ચમકતી હતી. મેં તેની તરફ શ્રદ્ધાપૂર્ણ આંખોથી જોયું અને તેના ગળે વળગીને બોલ્યો- "સાંઈ દયાલ, અત્યાર સુધી હું તમને એક દઢ સ્વભાવનો માણસ સમજતો હતો, પણ આજે માલૂમ થયું કે તમે તે પવિત્ર આત્માઓમાંના છો, જેનું અસ્તિત્વ સંસાર માટે વરદાન છે." •••

ઉમર ફારૂક M: 99797 68850
ઉમર ફારૂક 98243 00540
ઈસ્માઈલ 9106132352

ગુલામભાઈ વાસણવાળા

વાસણો ભાડેથી આપનાર

(ગોડાઉન): બાવામાનપુરા, વીમા દવાખાના પાછળ, કોર્ટયાક પોલીસ ચોકીની સામે, વડોદરા -૧૭.

(ઘર): વાડી, નવાપુરા નાકે, શાસ્ત્રીબાગ રોડ, વડોદરા - ૧૭

SIO ગુજરાત ઝોન દ્વારા 'હિદાયા કેમ્પ ૨૦૨૫'નું સફળ સમાપન

સ્ટૂડન્ટ્સ ઇસ્લામિક ઓર્ગેનાઇઝેશન ઓફ ઇન્ડિયા (SIO), ગુજરાત ઝોન દ્વારા તારીખ ૧૯ થી ૨૧ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન સફ્ફા હૉલ, જુહાપુરા, અહમદાબાદ ખાતે ત્રણ દિવસીય તાલીમી કાર્યક્રમ 'હિદાયા કેમ્પ ૨૦૨૫'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી જેમાં અહમદાબાદ, ભરૂચ, સુરત અને જૂનાગઢનો સમાવેશ થાય છે, લગભગ ૪૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોના વ્યક્તિત્વ વિકાસ, શૈક્ષણિક પ્રગતિ અને નૈતિક મૂલ્યોનું સિંચન કરીને ઇસ્લામિક શિક્ષણની જાગૃતિ વધારવાનો હતો, જેથી તેઓ એક હેતુપૂર્ણ અને શિસ્તબદ્ધ જીવન જીવી શકે.

કેમ્પ દરમિયાન વિદ્વાનો અને સંગઠનના હોદ્દેદારોએ અસરકારક માર્ગદર્શન આપ્યું. ડૉ. મુહમ્મદ સલીમ પટીવાલા (સરપરસ્ત, SIO ગુજરાત) એ 'માનવતાના પરોપકારી ﷺ' વિષય પર પ્રભાવશાળી સંબોધન કર્યું અને પયગંબર ﷺના જીવનમાંથી ન્યાય, પ્રેમ અને સેવાના પાઠ શીખવ્યા. અરશદ હુસૈન (ભૂતપૂર્વ પ્રમુખ, SIO ગુજરાત) એ 'સામૂહિકતા' ની ઈમાની અને સંગઠનાત્મક જરૂરિયાત પર ભાર મૂક્યો. જ્યારે, મુનવ્વર હુસૈન (પ્રમુખ, SIO ગુજરાત) એ 'SIO Mission and Ambition' પર વાત કરીને વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં જોડાવા પ્રેરિત કર્યા. આ ઉપરાંત, અબ્દુર્રહમાન ફલાહીએ ઇસ્લામને એક સંપૂર્ણ જીવન વ્યવસ્થા તરીકે રજૂ કર્યો અને જનાબ વાસિફ હુસૈન (જનરલ સેક્રેટરી, જમાઅતે ઇસ્લામી હિંદ ગુજરાત)એ પયગંબર ﷺના પ્રેમને માત્ર ભાવના નહીં, પરંતુ વ્યવહારિક જવાબદારી ગણાવી.

કેમ્પમાં 'દર્સે કુર્આન' (સૂરઃ અલ-મુઅમીનૂનની તફસીર), 'દર્સે હદીસ', ક્વિઝ સ્પર્ધાઓ અને આધુનિક પડકારો પર કેન્દ્રિત વર્કશોપ 'Purpose and Passionનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને પ્રોત્સાહન મળ્યું અને તેમની છુપાયેલી પ્રતિભાઓ સામે આવી. SIO ગુજરાત ઝોનના મીડિયા સેક્રેટરી સાદિક શેખે જણાવ્યું હતું કે, "હિદાયા કેમ્પ **૨૦૨૫** દરેક રીતે સફળ અને અસરકારક રહ્યો. તેણે યુવાનોમાં જ્ઞાન, અમલ અને સંગઠનાત્મક શિસ્તની ભાવનાને મજબૂત કરી છે, જે એક સક્ષમ અને જાગૃત સમાજના નિર્માણ માટે પાયાનું કાર્ય કરે છે."

IF UNDELIVERED PLEASE RETURN TO :
Yuvasaathi (Gujarati Monthly)
B-4, Karishma Complex, Sarani Society Corner,
132 ft. Ring Road, Juhapura, Ahmedabad -380055